R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 08 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH FEBRUARY 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.


**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

શ્રી કચ્છી દશા ઓશવાળ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

# Shree K.D.O. Students Association

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત યુવા સંસ્થા

ADVENTURE 1 ZONE

Co-Sponsored By

HD Fire Protect Pvt. Ltd & Ek Sadgrast



## Organised Winter Camp : 6th & 7th February 2021 - VANGANI



Left to Right : Life Saving Raft Making, Team Building Activity, Sumo Fight, Rappelling, Rock Climbing, President Urmin Lodaya With Managing Team, Guests & Invitees, Archery, River Rafting & Water Activities, Rifle Shooting and Zorbing

# દિનેશ રતિલાલ નાગડા ચોક નામકરણ સમારંભ : વધાઈ હો... વધાઈ હો... !



જન્મ : ૩૦/૧૨/૧૯૪૬
અરિહંતશરણ : ૪/૪/૨૦૧૪






શુભ કાર્યોની શરૂઆત કરવામાં જય જય શ્રી અનંતનાથનો નાદ ગુંજાવનાર, જીવનભર વિવિધ પ્રકારે નિઃસ્વાર્થ સમાજ સેવા કરી શ્રી અનંતનાથ દાદાની તથા શ્રી ગણેશજીની કૃપાથી, મુંબઈના કાર્પોરેટર શ્રીમતી નેહલબેન શાહની અથાગ મહેનત તથા મોટાભાઈ સ્વ. ધર્મેન્દ્ર તથા સહૃદયી મિત્રોના સહયોગથી સ્વ. દિનેશ રતિલાલ નાગડા (ચાચાવાલા) જખૌએ પોતાની જન્મભૂમિ તથા કર્મભૂમિ માટુંગામાં જ ભંડારકર રોડના જંકશને, સમાજ સેવક તરીકે ઉંચે બોર્ડ પર કાયમ માટે નામ ચમકાવ્યું એ ક. દ. ઓ. જૈન જ્ઞાતિ માટે ગર્વ, આનંદ અને સદ્‌ભાગ્યની વાત છે.

સિવિલ ડિફેન્સમાં તાલિમ લેવાથી ૧૯૭૧ની લડાઈ વખતથી જુદી જુદી જગ્યાએ સેવાની અનેક તકો મેળવી, ટ્રાફિક વોર્ડન તરીકે રોજ સાંજે સેવા આપતા તથા ભં. સાર્વજનિક ગણપતિ મ. સ. ના સ્થાપક બની સળંગ ૫૦ વર્ષ સુધી તેના પ્રમુખ બની આજીવન તન-મન-ધનથી સેવા આપતા રહ્યાં. તેમને સિવિલ ડિફેન્સની સેવા બદલ મેડલ મળેલ છે.

મુંબઈ મહાજનની ચૂંટણીમાં જીતી વિવિધ સેવાઓ પ્રદાન કરી. સૌના લાડકા પરેડ માસ્ટર હતા. વિવિધ સેવાઓ કરી નામ ઊંચાઈએ કમાવી લીધું એ એક સન્માન સામાન્ય માનવીનું ઉત્તમ ઉદાહરણ છે.

**માતા - પિતા : મા. રતનબાઈ રતિલાલ ચાચાવાલા પરિવાર - જખૌ (માટુંગા)**
**સાસુ - સસરા : મા. કસ્તુરીબાઈ શામજી લોડાયા પરિવાર - સુધરી (બેંગ્લોર)**

## હાર્દિક અભિનંદન



**ડૉ. શ્રીમતી પદમા પ્રિયેન્દ્ર ખોના**
સી.બી.ડી., બેલાપુર, નવી મુંબઈ
કોરોનાકાળમાં આપેલી સેવાઓ બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું.



**અમિત હિરાચંદ શાહ (મૈશેરી)**
નાની સિંધોડી/રાયપુર ને ભારતીય જનતા યુવા મોર્ચા - છત્તીસગઢના પ્રદેશ મંત્રી મનોનિત કરવામાં આવ્યા છે તે બદલ અભિનંદન




**ગ્રીષ્મા મોમાયા ને INWW એવોર્ડ**
બેંગ્લુરુ (બેંગ્લોર) ખાતે ટ્રાયોટોટ્સના મુખ્ય સંચાલિકા ગ્રીષ્મા ગીતા-ભરત મોમાયાને એજ્યુકેશન અને પેરેન્ટીંગ્સ્ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ આંતરરાષ્ટ્રીય વીમન એચિવર એવોર્ડ ૨૦૨૧ એનાયત કરાયો છે.


## લગ્ન સંબંધી

**જીવનસાથી જોઈએ છે.**



શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજના
ગામ કોટડી મહાદેવપુરી હાલે મુલુંડ
**શ્રી કમલેશ બુદ્ધિચંદ છેડા (ઉ. ૫૧)**
એમની ધર્મપત્ની અ.સૌ. જસ્મીનબેનનો
એક વર્ષ પહેલા આકસ્મિક હાર્ટફેલથી અવસાન થયેલ છે.

વેલસેટ - સુખી સંપન્ન પરિવાર - સ્વતંત્ર વ્યવસાય ધરાવનાર
સંપૂર્ણપણે તંદુરસ્ત વ્યક્તિ માટે
અમો યોગ્ય જીવનસાથી માટે વિચારણા કરેલ છે.

**જ્ઞાતિબાધ નથી.**

૫૦ વર્ષની નીચેની ઈચ્છુક બેનોના પરિવારજનોએ
ખુશાલ ગંગર (નાંગલપુર) મોબાઈલ : 92232 21111 નો સંપર્ક કરવા વિનંતી.
(તા.ક. : સંપર્ક કરનારની બધી માહિતી ખાનગી રાખવામાં આવશે.)

BINITA S. MARU - 9869034162

**તંત્રી સ્થાનેથી**

આ અંકનું એડિટોરીયલ તંત્રી મંડળનાં સભ્ય
શ્રી કેસરસિંહ ખોના દ્વારા લખાયેલું છે.

– ડૉ. હીરાચંદ દંડ - 7738508150



# બજેટ : મહાજન તથા સંસ્થાઓના

બજેટ રજુ થઈ રહ્યા છે. કેન્દ્રનું બજેટ આવી ગયું છે અને હવે રાજ્યોના બજેટની વારી છે. સાથે જ આપણી જ્ઞાતિની દ્રષ્ટિએ જોઈએ તો મહાજન, મંડળ અને ટ્રસ્ટોના બજેટના દિવસો છે, પણ એમના બજેટ બને છે ખરા ? જાહેર થાય છે ? અમારી જાણકારીમાં મહાજન, મંડળો અને ટ્રસ્ટો બજેટ બનાવે છે કે નહીં એનું ચિત્ર ઉપસતું નથી. કયારેય કોઈ સંસ્થાએ, ટ્રસ્ટે કે મહાજને બજેટ બનાવી જાહેર કર્યું હોય એવી પરંપરા જણાતી નથી અને એના લીધે પારદર્શિતા પણ દેખાતી નથી. અલબત્ત, કેટલીક સંસ્થાઓ પોતાની વાર્ષિક બેલેન્સ શીટ જાહેર કરે છે ખરી. પણ એમાં વર્ષના પ્રારંભે આવક જાવકના અંદાજ મુકવાની પ્રણાલિકા સ્પષ્ટ થતી નથી. જરૂર પ્રમાણે ભંડોળ મેળવવા દાતાઓનો સાથ સહકાર લેવાય. જે પહેલેથી નક્કી નથી હોતું કે કેટલું ભંડોળ ભેગું કરી શકાશે.

બજેટ બનાવવા માટે સહુથી પહેલાં તો કોઈક રીતની ચોક્કસ આવકની વ્યવસ્થા જરૂરી છે. આવક નિશ્ચિત હોય તો ખર્ચની મર્યાદા નક્કી થઈ શકે. એ આવકના સ્ત્રોત અને ખર્ચના સ્વરૂપ કેવા હશે એ જ્ઞાતિને જાણવાની જરૂર છે.

જેને ગ્રામ્ય મહાજનો, મંડળો, ટ્રસ્ટો અને તે ઉપરાંત એકમોએ પણ ચોક્કસ આવક જાવકનો તાળો જાળવી રાખવો પડે. જો એ જાહેર કરાય તો એમને લાભ થવાની શક્યતા વધી જાય છે. કારણ કે અનિવાર્ય ખર્ચ, આવક હોય કે નહીં, કરવા જ પડે. જેમ કે ઓડિટરની ફી, ચેરીટી કમિશ્નરનો લાગો, જો સ્ટાફ-મહેતાજી હોય તો એમનો પગાર અને સંદેશ વ્યવહાર, સ્ટેશનરી જેવા સામાન્ય ખર્ચ કરવા જ પડે. એ ખર્ચ કરવા જેટલી લઘુત્તમ આવક હોવી ઘટે. એવું જોવામાં આવ્યું છે કે કેટલાક મહાજનો પાસે કોઈ જ પ્રકારનું સ્થાયી ભંડોળ નથી. તાત્કાલિક ધોરણે કોઈ કાર્યક્રમ ગોઠવી સ્પોન્સર દાતા દ્વારા ભંડોળ ઉભું કરી બંધારણીય ખર્ચ જેમ તેમ પૂરું કરાય છે. પરિણામે ક્યાંક ખાયકીના આક્ષેપો થાય તેને ગણકાર્યા વિના સંચાલકો, ટ્રસ્ટીઓ કામ ચલાવે રાખે છે. આથી નવું લોહી ટ્રસ્ટો અને મહાજનોને મળતું નથી અને ભંડોળના અભાવે જ્ઞાતિ ઉત્કર્ષના કામો પણ સુઆયોજિત રીતે થતા નથી.

આ બધી બાબતો ધ્યાનમાં લઈએ તો જ્ઞાતિ મહાજનો, સંસ્થાઓ અને ટ્રસ્ટોએ ચોક્કસ સ્થાયી આવક ઉભી થાય અને જ્ઞાતિ ઉત્કર્ષના કાર્યોને પ્રાથમિક દ્રષ્ટિએ યોગ્ય દિશા દોર આપી શકાય.



એટલે જ બજેટ બનાવીને આવકના સ્ત્રોતો તથા ખર્ચની જોગવાઈનો ચોક્કસ નકશો જાહેર થાય તો જ્ઞાતિ એમાં ભરપૂર સહાય કરશે એવો વિશ્વાસ રાખવો અસ્થાને નહીં ગણાય.

– કેસરસિંહ ખોના

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના    ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા    કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)    પંકજ પ્રતાપ શાહ
કેશરસિંહ આણંદજી ખોના    શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા    જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૦૮, તા. ૨૦-૦૨-૨૦૨૧**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
શ્રી હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

### જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૨૮

**લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**



(ગતાંકથી ચાલુ...)

**ઇચ્છામિ ખમા-સમણો !**
**વંદિઉં-જાવણિજ્જાએ,**
**નિસિહિઆએ,**
**મત્થએણ વંદામિ.**

ઉપરોક્ત સૂત્ર નાનપણથી હું, તમારા માંથી ઘણા બધા ઘણી બધી વખત બોલ્યા છો, સાંભળ્યા છો પણ એનાં ઉદ્દેશ્ય કે એની પાછળ રહેલ ભાવાર્થ વિશે વિચાર કરવાની કે જાણવાની તક મળી નથી.

દેવદર્શને ચૈત્યવંદનની વિધિ કરતી વેળાએ પણ ઉપરોક્ત સામાન્ય ભાષામાં ઓળખાતું **''ખમાસમણ''** બોલી ત્રણ ખમાસણા એટલે કે પોતાના પાંચ અંગો અર્થાત બે ઢીંચણ, બે હાથ તથા મસ્તક ભૂમિને લગાડીએ છીએ. (હાલનાં સંજોગોમાં વયના કારણે કે આધુનિક જીવનશૈલીથી સ્થુળ કાયાના કારણે ખમાસણા વિધિપૂર્વક દેવાતા નથી.)

ઉપરની ગાથાને **''પંચાગ - પ્રણિપાત સુત્ર''** તરીકે ઓળખવામાં આવે છે અને ગુરુવંદનનો આ પ્રથમ પ્રકાર છે. ગુરુવંદનમાં છ બાબતનો સમાવેશ થાય છે, જેની ચર્ચા આપણે ગતાંગમાં કરી. તેમાંની આ પ્રથમ ક્રિયા છે. ગુરુ સમક્ષ વંદન કરવાની ઈચ્છા ભાવપૂર્વક દર્શાવવી એ અત્યન્ત જરૂરી છે.

ઉપરોક્ત સૂત્રનો ટુંકમાં ભાવાર્થ જોઈએ. શ્રાવક કે શ્રાવિકા ગુરુ પ્રત્યે પોતાનો વિનય, સ્નેહ, આદર દર્શાવવા વિનંતી કરે છે કે ''હે ક્ષમાના ભંડાર મારા મન-વચન-કાયાની સર્વ શક્તિઓનો ઉપયોગ કરી હિંસાદિક પાપ તરફ જતી પ્રવૃત્તિઓને રોકી વંદન કરવા ઈચ્છું છું.''

વંદન કરવાનો આ શિષ્ટાચાર જૈન ધર્મમાં મળે છે તેવો અન્ય ધર્મમાં જોવા મળતો નથી. આ એકજ વંદન ગુરુને કે પ્રભુના દર્શને કે અન્ય ધાર્મિક ક્રિયાઓ વખતે એની પાછળનો મહિમાં સમજી ભાવપૂર્વક કરવામાં આવે તો મન પ્રફુલ્લિત થયા વગર રહે જ નહીં. (મને પણ આ સમજણ હાલમાં જ એક ગુરુભગવંત સાથે ચર્ચા કરતા પ્રાપ્ત થઈ.)

પ્રથમ વંદન કરવાની ઈચ્છાને અનુજ્ઞા મળતા વંદન કરી, ગુરુની નિકટ જઈ સ્વાસ્થયની તેમજ તેમની સયંમયાત્રા નિર્વિઘ્ન છે કે કેમ તેની તપાસ કરવા જે સૂત્રનો આધાર લેવામાં આવે છે તે સુત્ર **''ઈચ્છકાર-સુગુરુ-સાતા-પૃચ્છા-સૂત્ર''** (પંચપ્રતિકામણની કોઈપણ પુસ્તિકામાં મળી રહેશે) તેથી અહીં રજુ કરેલ નથી.

શ્રી સુગુરુ સુખસાતા સૂત્ર દ્વારા શ્રાવક જેમણે આ દુનિયાની મોહમાયાનો ત્યાગ કરી સયંમયાત્રાનો પથ સ્વીકારી પોતાના આત્માનાં કલ્યાણર્થે કે સમાજની ભલાઈ માટે નિકળી પડ્યા છે તેમની સુખસાતા પુચ્છવી શ્રાવક કે શ્રાવિકાની જવાબદારી બને છે. ઉપરના સુત્રનો અર્થ પણ અતિ માર્મિક છે શ્રાવક હાથ જોડી ભાવપૂર્વક નમન કરી પુચ્છા કરે કે હે ગુરુ મહારાજ ! આપની ઈચ્છા હોય તો જવાબ દેશો. એ પછી શ્રાવક અતિ વિનમ્રતાથી ગુરુ મહારાજની પુચ્છા કરે કે આપની રાત્રિ સુખે વિતિ છે, દિવસ સુખે વિત્યોં છે, આપની તપશ્ચર્યા સુખે થાય છે, આપના શરીરને કોઈ પિડા તો નથી, આપ ધર્મરૂપી યાત્રાનો નિર્વાહ સુખે થાય છે ને ? હે સ્વામિ ! એકંદર આપને શાંતિ છે ને ?

ગુરુદેવ, આ પ્રશ્નના જવાબમાં જણાવે છે કે દેવગુરુની કૃપાથી શાંતિ છે.

ગુરુવંદનાના ત્રીજું સુત્ર એટલે **''અબ્ભુટ્ઠિઓ-ગુરુ-ક્ષમાપના સૂત્ર.''** (પંચપ્રતિકામણની કોઈપણ પુસ્તિકામાં મળી રહેશે) જૈન ધર્મ સુક્ષ્મ જીવોને ક્ષમાપના આપવામાં માને છે અને તેથી ગુરુ પાસે કોઈપણ અઘટિત ઘટના ઘટી હોય કે તેમની સેવા-ચાકરીમાં કે સાધારણ વાતચીતમાં વિનયનો ભંગ થયો હોય તો શ્રાવક તેમની ક્ષમાપના માંગે છે.

શ્રાવકે :- ગુરુ તરફ વિનય બહુમાનપૂર્વકની ભક્તિ રાખવી. - ગુરુની સેવા-ચાકરી કરવી. - ગુરુ સાથે સભ્યતા અને શાંતિથી વર્તવું. - આહાર-પાણીમાં તેમની અનુકૂળતા જાળવવી. તેમના આસનથી નીચે આસન રાખવું. - વાતચીતમાં વચ્ચે ન બોલવું. - પોતાની વિશેષ હોશિયારી ન બતાવવી. - પોતાના કે બીજાના નિમિત્તે તેમને નારાજ ન કરતાં હંમેશા રાજી રાખવા. - નાની મોટી ભૂલ જણાય તો પશ્ચાત્તાપપૂર્વક તેની ક્ષમા માંગવી.

આ લેખ તૈયાર કરવામાં સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ કૃત **''શ્રી પંચ પ્રતિક્રમણ સુત્રો''** પુસ્તકનો સહારો લીધેલ છે. તેમજ સાધુ ભગવંતો સાથેની ચર્ચામાંથી નિરૂપણ કરેલ છે. આ લેખમાં જિનઆજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો મન-વચન-કાયાથી મિચ્છામિ દુક્કડમ્. (વધુ આવતાં અંકે...)

શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમો નમઃ

# શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસર અને ક.દ.ઓ.મહાજન ટ્રસ્ટ રાપરગઢવારી

**સાધારણ સભા** : આપણા ગામવાસીઓની સાધારણ સભા તા. ૧૪.૩.૨૦૨૧ ને રવિવારના નીચે મુજબના એજન્ડા પ્રમાણે યોજવામાં આવેલ છે.

**સ્થળ** : શ્રી વિરજી જીવરાજ મેપાણી સભાગૃહ, દેવપુંજ બિલ્ડીંગ, વાલજી લધા રોડ, મુલુંડ (વે.) મુંબઈ – ૮૦

**સમય** : બપોરે ૩.૦૦ કલાકે

**: એજન્ડા :**

(૧) સને ૨૦૧૪ થી સને ૨૦૨૦ સુધીના ઓડીટેડ હિસાબોની રજુઆત અને બહાલી.

(૨) શ્રી રાપરગઢવારી ક.દ.ઓ.મહાજનની સમિતિની રચના

(૩) શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસર ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ રાપરગઢવારીના ટ્રસ્ટબોર્ડની રચના

(૪) શ્રી પાર્શ્વનાથ પ્રભુ જિનાલયનો ધ્વજા મહોત્સવ તા. ૧૮.૬.૨૦૨૧ના બપોરના અઢાર અભિષેક તથા તા. ૧૯.૬.૨૦૨૧ના ધ્વજારોહણ પ્રસંગે ચર્ચા

(૫) સભાના પ્રમુખશ્રીની મંજૂરીથી કે તેમના દ્વારા જે રજુઆત થાય તે

**લી. શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસર અને ક.દ.ઓ.મહાજન ટ્રસ્ટ રાપરગઢવારી**

**નોંધ :** (૧) અન્વેષિત (AUDITED) હિસાબો તા. ૧૨.૩.૨૦૨૧ સુધી વિરચંદ નરશી લોડાયાની ઓફિસમાં સમય ૩.૦૦ થી ૫.૦૦ સુધી નિરીક્ષણ કરી શકાશે. ધ ટાઈટન ગેલેરી, સાઈનાથ પ્લાઝા, મુલુંડ વેસ્ટ. મો. : ૯૬૧૯૮ ૭૩૯૩૯

(૨) સભાના મુકરર સમયથી અડધા કલાકની અંદર કાર્યસાધક હાજરી ન થાય તો તે મુલત્વી રહેલી સભા અડધા કલાક પછી તેજ સ્થળે મળશે.

# હોમિયોપેથિક મેડિકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ – ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથિક મેડિકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર.બી. મહેતા માર્ગ (૬૦ ફીટ રોડ), ઘાટપકોપર (ઈ), મુંબઈ – ૭૭. ખાતે યોજાયેલ છે.

હાડકાં તપાસણી માટેનો કેમ્પ શનિવાર, તા. ૨૭.૨.૨૧ના સવારના ૧૦.૦૦ વાગ્યાથી બપોરના ૧.૦૦ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/– ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કીન, હેર, થાઈરોઈડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર, તા. ૨૭.૨.૨૧ના બપોરના ૧.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્ય સુધી. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/– ત્યાં આવીને ભરવાના રહેશે.

ઈચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મો. નં. ૯૬૧૯૨ ૭૦૪૩૦ પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.



## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

**માતુશ્રી જયવંતીબેન લાલજી દંડ**

ગામ : પરજાઉ, હાલે ઐરોલી, નવી મુંબઈ
જન્મ તા. : ૦૫.૦૯.૧૯૩૮
સ્વર્ગવાસ : તા. ૧૪.૦૨.૨૦૨૧

**મા ની મમતા**

તુજ છે ઘરની લક્ષ્મી, તું છે ઘરની રાણી, તારા વગર લાગે ઘર સુનું સુનું,
તુજ રહીશ કાયમ અમારા દિલમાં, અમારા રોમેરોમમાં તમારી દરેક વાતો,
તારું હૃદય બધા માટે પ્રેમલાગણીથી સભર, તારો મધુર કોકિલ કંઠ, નિખાલસ હૃદય,
ચુંબકીય સ્મિત, મા ની મમતા ના ભૂલાય કદી અમારાથી, હર એક પલ છે તું અમારા દિલમાં,
તને રોજ મિસ કરીએ છીએ સુખ અને દુઃખની ક્ષણોમાં

**પરિવારજનો**

| | |
|---|---|
| સાસુ-સસરા | : જમકુબાઈ લખમશી દંડ |
| પતિ | : શ્રી લાલજી લખમશી દંડ |
| માતાપિતા | : લક્ષ્મીબેન ખેતશી કાનજી જીવાણી મુનવર-જખૌ |
| પુત્ર | : કેતન લાલજી દંડ, કિરણ લાલજી દંડ |
| પુત્રવધુ | : ભારતી કેતન દંડ, કાજલ કિરણ દંડ |
| પૌત્ર | : ભાવિક, કેવલ, ધવલ |
| પૌત્રવધુ | : બીજલ ભાવિક, બીજલ કેવલ |
| પડપૌત્ર | : પ્રાચી, પ્રિયાંશ, સોમ્ય, પ્રીસા |
| નણંદ | : જયવંતીબેન તિલકચંદ નાગડા |
| દેવર | : જવેરચંદ લખમશી દંડ, નરેન્દ્ર લખમશી દંડ |
| ભાઈઓ | : કેશવજીભાઈ, નવિનભાઈ, વાલજીભાઈ, કુલીનભાઈ |
| બહેનો | : દમયંતીબેન, રતનબેન, મણીબેન |
| સંસારીબેન | : પરમપૂજ્ય સૌમ્યલતા મહારાજ સાહેબ |

વિચાર વર્તુળ

# વતનનો સાદ – ભાગ ૫

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ
મો.: 98203 36767



કૃષિ પછી કચ્છમાં પશુપાલન બીજી સૌથી મોટી રોજગારી પૂરી પાડતી પ્રવૃત્તિ છે. કચ્છના ગામડાઓમાં ખેતી ઉપરાંત ગાય અને ભેંસને દૂધ ઉત્પાદનનાં સાધન અને એક પૂરક આવકના સ્ત્રોત તરીકે તરીકે ઉછેરવામાં આવે છે. ડેરીના વધી રહેલા વિકાસથી પશુપાલન એક સ્વતંત્ર વ્યવસાય તરીકે ઉભરી, પશુપાલકો ઘરે બેઠા પોતાની આજીવીકા મેળવી રહયા છે. ગુજરાત રાજયના દરેક જિલ્લામા દૂધ સંઘો દ્વારા પશુપાલનને લગતી આનુસંગિક સેવાઓ ઘર આંગણે ઉપલબ્ધ કરાઈ રહી છે જેથી આ ઉદ્યોગમાં ઉજળી તકો દેખાઈ રહી છે.

ઓછી જમીન કે જમીન વિહોણા માટે પશુ પાલન કિસાન ક્રેડિટ કાર્ડ યોજના હેઠળ, પશુ દીઠ લોનનું ધિરાણ નકકી કરેલ છે, જે મુજબ ભેંસ દીઠ રૂા. ૬૦,૦૦૦/-, ગાય દીઠ રૂા. ૪૦,૦૦૦/-, બકરી દીઠ રૂા. ૪૦૦૦/- અને કુલ મહત્તમ રૂા. ૧,૬૦,૦૦૦ કોઈ પણ જામીન વગર મળી શકે છે. જેથી ૨ ભેંસ અને ૧ ગાય કે ૪ ગાય માટે લોન મળી શકે. આજે દરેક ગામડામાં કે આજુબાજુ ડેરીની સગવડ દુધ વેંચવા માટે મલી શકે છે. દૂધની મીઠાઈ બનાવવાનો ગૃહઉદ્યોગ પણ વિકસાવી શકાય છે. કૃષિ સાથે સંકળાયેલા પશુપાલનના ઉદ્યોગમાં દૂધ એકઠું કરવું, તેની જાળવણી માટેની પ્રક્રિયાઓ કરવી, ગુણવત્તા મુજબ વર્ગીકરણ કરવું, યોગ્ય પેકીંગ કરવું, વેચાણની વ્યવસ્થા કરવી, વધારાના દૂધનો શીત સંગ્રહ તેમજ તેમાંથી અન્ય બનાવટો બનાવી વેચાણ કરવું વગેરે કાર્યોનું સંચાલન ડેરી દ્વારા કરવામાં આવે છે.

ગ્રામ્ય વિસ્તારોમાં દૂધાળા પશુઓ ધરાવતા શખ્સોને તેના દૂધના વ્યાજબી ભાવ મળી રહે તે સારુ સહકારી ક્ષેત્રે દૂધ ઉત્પાદક સહકારી સંઘોની રચના કરવામાં આવી છે. કચ્છમાં ''કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.'' કે જે સરહદ ડેરી તરીકે જાણીતી છે જેની સ્થાપના ૨૮.૭.૨૦૦૯ ના સરકારી મંડળી એક્ટ હેઠળ થયેલ છે. આ ડેરી ગુજરાત કો. ઓપ. મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) હેઠળ અમૂલ ડેરી આણંદ સાથે સંકળાયેલી છે. કચ્છના ગામડાઓની ૬૮૦ દૂધ મંડળી પાસેથી દૂધ ભેગું કરી ગુણવત્તા પ્રમાણે પ્રોસેસ કરે છે અને અમૂલ બ્રાન્ડથી ઉત્પાદિત કરે છે. સરેરાશ ૩,૫૦,૦૦૦ લિટર દૂધ પ્રોસેસ કરે છે. ડેરી દ્વારા સંપૂર્ણ આધુનિક ટેકનીકથી ઉત્પાદનો બનાવવાનો પ્લાન્ટ ધરાવે છે. અમૂલ બ્રાન્ડના નામે દૂધ, દહીં, છાસ, ઘી, લસ્સી, રબડી અને પનીર બનાવે છે. આ ડેરીએ કચ્છમાં શ્વેત ક્રાંતિ આણી છે. ઊંટડીના દૂધમાંથી અનેક પ્રોડક્ટ બનાવનાર જગતની ૪ ડેરી પૈકીની એક ડેરી છે. અન્ય ૨ ડેરી દુબઈ અને ૧ પાકિસ્તાનમાં છે. લોક ડાઉનમાં અનેક ઈંડસ્ટ્રિયોએ નુકસાન કર્યું છે જયારે સરહદ ડેરીનું ઉત્પાદન બમણું થયું છે. હવે આ ડેરી બાગાયતી ખેતીને પ્રોત્સાહન આપવા ફૂડ પ્રોસેસિંગ યુનિટ સ્થાપવા જઈ રહી છે જેથી કચ્છના ખેડુતોને ઉત્પાદન વધી જતાં પડતર ભાવ ન મળતાં હતા અને ખુબ નુકસાન વેઠવું પડતું હતું તે નહીં ભોગવવું પડે. ફ્રૂટ માટે ફ્રોઝન પ્લાન્ટ તથા ફ્રૂટ જ્યુસ પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થાપવાનું આયોજન છે જેથી કચ્છમાં બાગાયતી ખેતીને ખૂબ પ્રોત્સાહન મળશે.

કચ્છમાં ૬૮૦ જેટલી દૂધઉત્પાદક સહકારી મંડળીઓ સભાસદો પાસેથી દૂધ એકત્રિત કરી જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને પુરૂં પાડે છે. જીલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘો દૂધનું વિવિધ સ્વરૂપે રૂપાંતર કરી ઘી, માખણ, પનીર, મિલ્ક પાવડર, ચોકલેટ, મીઠાઈ, આઈસ્ક્રીમ જેવી ચીજો ઉત્પાદન કરે છે. રૂપાંતર દ્વારા આ સંઘો તેની સભ્ય મંડળીઓને દૂધના વ્યાજબી ભાવ પૂરા પાડે છે.

આજે ઘણા સાહસીક શિક્ષિત યુવાનો પોતાના વતન જઈ તબેલો કરવાનું વિચારતા હોય છે. શિક્ષિત બેકારી વધી રહી છે, સરકારી નોકરીઓ અને ખાનગી નોકરીઓ મળી નથી રહી, ત્યારે ગામડે ડેરી ફાર્મિંગ કરવાનું ફાયદેમંદ છે. સરકાર તરફથી સબસિડી અને સહાય બંને મળે છે. ડેરી સાહસ વિકાસ યોજના એ ભારત સરકાર પ્રાયોજિત યોજના છે જે ડેરી કે તેના સંબંધિત વેપાર કરનાર વ્યક્તિ કે સંગઠીત કે અસંગઠીત જૂથને નાણાંકિય મદદ કરે. નાનું ડેરી ફાર્મ, વાછરડી વાછરડાંના પાલન પોષણ, દૂધ દોહવાનાં મશીન/દૂધની ચકાસણી/જથ્થા બંધ દૂધના કુલર, સ્થાનિક દૂધની બનાવટોના ઉત્પાદન એકમ માટે, દૂધની બનાવટોના પરિવહનની સુવિધા અને ઠંડુ રાખવાની વ્યવસ્થા બનાવવા, દૂધ/ દૂધની બનાવટો માટેના કોલ્ડ સ્ટોરેજ માટે, ખાનગી

પશુ દવાખાના માટે બેંકો તરફથી સસ્તા વ્યાજદરે લોન મળે છે. કોઇ પણ ખેડૂત, વ્યક્તિગત સાહસિકો, એનજીઓ, કંપનીઓ, સંગઠીત કે અને અસંગઠીત જૂથ લાભ લઇ શકે છે. આપણે સરહદ ડેરીના સહયોગથી સહકારી ધોરણે ડેરી વિકસાવી શકીએ છીએ કે થોડી દૂધ મંડળીઓ મહાજન કે કોઈ ઉદ્યોગપતિ અબડાસા સેન્ટરમાં ડેરી સ્થાપાય તો સીધી અને આડકતરી રીતે આજુબાજુનાં ગામડાઓમાં આપણા અનેક પરિવારોને રોજગાર નાના પાયે દૂધ વ્યવસાયનો લાભ મલી શકે છે તેમજ ડેરી વ્યવસાય સાથે ફરસાણ, અથાણાં, પાપડ, ખાખરા જેવી વસ્તુઓ બનાવવાનું પણ શક્ય બની શકે.

નવી મંડળીઓ ન સ્થાપી શકાય તો પણ કચ્છનાં મોટા ભાગનાં ગામોમાં દૂધ આપી શકાય છે તેમજ દુધની આઈટમો બનાવી વેંચી શકાય છે. દૂધનો માવો અને ગુલાબની પાંદડીઓના અનોખા સંયોજનથી બનતો ગુલાબપાક એ કચ્છની ખાસિયત છે. શુદ્ધ ગુલાબની પાંખડીઓમાંથી આ મીઠાઈ બનાવે છે. આ ગુલાબપાક ઊંચી ગુણવત્તાનાં ગુલાબની પાંખડીઓની સુકવણી કરીને એમાં બદામ, કાજુ, પિસ્તા, કણીદાર માવો (જે ખાવડા ગામમાંથી આવે છે) અને ખાંડ જેવી સામગ્રીનો વપરાશ કરી બનાવવામાં આવે છે. માથે બદામ અને તાજી ગુલાબની પાંખડીઓથી એને સુંદર રીતે સુશોભિત કરી શણગારવામાં આવે છે. બરફી જેવો દેખાતો આ પાક ખુબ વિખ્યાત છે. આ માવાના પેંડા માટે કચ્છ જાણીતું છે. આજે ખાખર, કોડાય, બિદડા, તેરાની દુધની મીઠાઇની મુંબઈમાં સારી માંગ છે. આપણે આ ઉદ્યોગ મુંબઈ ગૃહ ઉદ્યોગના સહયોગે સારી રીતે વિકસાવી શકીએ તેમ છીએ.

ગુજરાતને દેશમાં દૂધ ઉત્પાદન કેન્દ્રનું હબ માનવામાં આવે છે. અહીં શ્વેતક્રાંતિથી ડેરી ઉદ્યોગનો વિકાસ થયો હતો. પરંતુ તાજેતરમાં થયેલા એક સંશોધનમાં કચ્છના હડપ્પામાં ૪૦૦૦ વર્ષ પૂર્વે (૨૦૦૦ થી ૧૯૫૦ ઈ.સ.પૂર્વે) ડેરી ઉદ્યોગ ધમધમતો હોવાના પુરાવાઓ મળ્યા છે. કચ્છમાં કૃષિપાર્ક અને બીઝનેસ પાર્ક સ્થાપવાના પ્રયત્નો થઈ રહ્યા છે જે કચ્છના વિકાસનાં સારા સંકેત છે. તાજેતરમાં વડાપ્રધાનશ્રી મોદીજી દ્વારા સરહદ ડેરીના ઓટોમેટીક મીલ્ક પ્રોસેસીંગ પ્લાન્ટનું શીલા સ્થાપન થયું છે જેથી આવનારા સમયમાં મોટે પાયે દૂધ પ્રોસેસીંગ સ્થાનિકે થશે જેથી ખેતી સંલગ્ન ડેરી ઉદ્યોગનું કચ્છમાં સ્વતંત્રપણે પણ ખુબ ઉજ્વળ ભવિષ્ય દેખાઈ રહ્યું છે. કચ્છમાં વસ્તી વધી રહી છે. ઉદ્યોગો અને કંપનીઓ આવતાં જન સંખ્યામાં સારો વધારો જોવા મળે છે અને તેથી નાના વ્યવસાયો માટે ઘણી તકો ઉભી થઈ રહી છે. પરંતુ આ વધારામાં કચ્છ બહાર વસતા કચ્છી માડુ કચ્છમાં પાછા વળતા ઓછા દેખાય રહ્યા છે. કચ્છી માડુઓએ વતન પાછા ફરવાની આ તક ઝડપી લેવી જોઈએ.

◆ ◆ ◆

આશાની નદી...

## રડવા કરતાં પ્રયત્ન કરવો સારો


**નિરવ પ્રફુલ દંડ**, ડોંબીવલી

મો.: ૯૮૨૧૬ ૧૭૩૭૭




આપણું જીવન સફળતા નિષ્ફળતા બન્નેનું મિશ્રણ છે. કેટલાંક કાર્યો આપણે તુરંત શીખી જઈએ છીએ તો કેટલાંક અનેક પ્રયત્નો કરતાંય શીખી શકતાં નથી.વાસ્તવિકતામાં પ્રયત્ન કરવાથી મુશ્કેલથી મુશ્કેલ કાર્ય પણ શીખી શકાય છે. જીવનમાં પોતાના લક્ષ્યને પામવા સંઘર્ષ કરવો પડે છે અને નિષ્ફળતાઓનો સામનો પણ કરવો પડે છે. ઘણા લોકો પ્રયત્ન તો કરે છે પણ એક - બે વાર નિષ્ફળ જતાં કાર્ય કરવાનું છોડી દે છે. ઘણા લોકો એવાં પણ હોય છે જે પ્રયત્નો વારંવાર કરે છે પણ પોતાની ભૂલને સમજીને એમાં સુધારો કરતાં નથી. જો જીવનમાં સફળતાં મેળવવી હોય તો વારંવાર પ્રયત્ન તો કરવો જોઈએ પણ તેની સાથે પોતાની ભૂલોમાં સુધારો પણ કરવો જોઈએ. પરિસ્થિતિ સામે હાર માની લેવાથી કે રડવાથી કોઈ સમસ્યાનો ઉકેલ મળતો નથી. જે લોકો પરિસ્થિતિ અને સમસ્યાથી ડર્યા વગર વારંવાર પ્રયત્ન કરે છે તે લોકો જ સફળ થાય છે. માટે જીવનમાં સમસ્યાઓ સામે હાર માનીને પોતાની નિષ્ફળતાના રોદણાં રડવા કરતાં વારંવાર પ્રયત્ન કરીને આગળ વધવું હજારો ગણું હિતાવહ છે.


**પ્રકાશ સમિક્ષાના એક વર્ષના ૨૪ અંકોમાં પાનાની નીચેના ભાગમાં શુભચિંતક તરીકે અહીં આપનો સંદેશો આપો. વાર્ષિક રૂા. ૨૫૦૦૦/- , ફક્ત દશ સંદેશા લેવાના છે. સંપર્ક : હેમાંગ લાલજી શાહ (મો. ૯૯૨૦૬ ૪૬૮૪૬)**

# કાચો હિસાબ

**આપણે હિસાબમાં કાચાં છીએ..**

કારણકે લાખો રૂપિયા ખર્ચીને ઘરનું ઇન્ટિરિયર ડેકોરેશન કરાવીએ છીએ પણ એની ચમક જાળવી રાખવા ઝાપટ ઝૂપટ કરનારી બાઈને કે પંખા લૂછી આપનારને આપણે દિલ ખોલીને મહેનતાણું નથી આપી શકતાં.

**આપણે હિસાબમાં કાચાં છીએ..**

કારણકે મંદિરે જતાં સો રૂપિયાની નાળિયેરની કે પ્રસાદની થાળી જરૂર લઈ ભગવાનને રાજી કરવાનો ઢોંગ કરીએ છીએ પણ રોજ આપણી કચરાપેટી સાફ કરનાર સફાઈ કામદારને વાર-તહેવારે ૫૦ રૂપિયા આપતાં આપણાં હાથ અચકાય છે.

**આપણે હિસાબમાં કાચાં છીએ..**

કારણ કે ફેરિયા પાસે કેળાં ચીકુ લેતાં રૂપિયા ૧૦૦ના ૮૦ કરાવવાની જીદ કરીએ છીએ. જ્યારે મોલમાંથી વાસી ફળો લગાડેલા લેબલનો ભાવ આપીને ખરીદી લાવીએ છીએ અને ગર્વ અનુભવીએ છીએ.

**આપણે હિસાબમાં કાચાં છીએ..**

કારણકે ઘરમાં હજારો રૂપિયાના ખર્ચે રંગકામ કરાવતાં હોઈએ ત્યારે દસથી પંદર દિવસ આપણી વચ્ચે રંગકામ કરતાં મજૂરોને ચા પીવડાવતાં કે બક્ષિસ તરીકે સો રૂપિયા આપતાં આપણું ખિસ્સું થડકાર અનુભવે છે.

**આપણે હિસાબમાં કાચાં છીએ..**

કારણકે લાખો રૂપિયાના ખર્ચે વિદેશી ટૂર પર જતાં કામની કે નકામી ખરીદી પર હજારો રૂપિયા ખર્ચી નાખીએ છીએ પણ એ ગાળા દરમિયાન કામવાળીનો પગાર વિના ખચકાટ કાપી નાખીએ છીએ. જાણે એણે કહ્યું હોય આપણને ટૂર પર જવા!

**આપણે હિસાબમાં કાચાં છીએ..**

કારણકે જન્મદિવસે કેક મોં પર લગાડી પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ તો કરીએ છીએ પણ આવી મોંઘી કેક જેના માટે એક સ્વપન સમાન છે એવી ઘરની કામવાળીને એક ડબ્બો ભરીને આપવા વિશે આપણે વિચારતાં નથી.

**આપણે હિસાબમાં કાચાં છીએ..**

કારણકે ઘરમાં પૂરતું તાજું ખાવાનું હોય તોય કામવાળીને આપણે શોધીને વાસી રોટલી, ભાત કે બ્રેડ આપીએ. પણ ખાધેપીધે સુખી એવાં સગાં સ્નેહીઓને આગ્રહ (દુરાગ્રહ) કરી ખવડાવીએ છીએ.

**આપણે હિસાબમાં કાચાં છીએ..**

કારણ કે હાઈવે કે સિગ્નલ પર ફૂલ- ફળ અથવા અનેક નાની મોટી વસ્તુઓ વેચનાર ગરીબ ફેરિયાઓ સાથે આપણે ભાવતાલ કરવાનું ચૂકતા નથી. ઘેર આવી આ વ્યાજબી ભાવે લીધાંનો ગર્વ કરી પોરસાઈએ છીએ. પણ હોટેલમાં મોટાંમસ બિલ ચૂકવતી વખતે કોઈ ભાવ તાલ નથી થતો. ઉપરથી એની ચર્ચા કરી શ્રીમંતાઈનો ઝંડો લહેરાવીએ છીએ.

**આપણે હિસાબમાં કાચાં છીએ..**

બ્રાન્ડેડ જૂતાં કે સેન્ડલના હજારો રૂપિયા ચૂકવીએ છીએ પણ એ જૂતાંને રીપેર કરાવતાં કે પોલીશ કરાવતાં મોચી સાથે અચૂક રકઝક કરીએ એને પૈસા ચૂકવતાં.

આવી તો કેટલીયે નાની-મોટી વાતો જેના હિસાબમાં આપણે કાચાં છીએ. એકવાર જરૂર આ વાત પર વિચાર કરજો સ્વજનો અને મિત્રો સાથે એની ચર્ચા કરજો અને પછી હિસાબ માંડજો. ખાતરી છે કે ભલભલા એકાઉન્ટન્ટના હિસાબ કાચાં પડશે... ચાલો જોવા માંડો તમારી હિસાબ પોથી!

**માયા દેસાઈ -(મોડરેટર)**

**સંકલન : કુમાર બાબુભાઈ દંડ - તેરા (મુલુંડ)**

## કેડીઓના આગામી કાર્યક્રમો

**Anantnathji Youth Forum**

KDO Premiere League (KPL 2021)

Sunday 28th February 2021

**મંજલ રેલડીયા ૧ ૩૯મો ધજા મહોત્સવ**

શુક્રવાર તા. ૨૧ મે થી શનિવાર તા. ૨૨ મે ૨૦૨૧

**શ્રી ક. દ. ઓ. જખૌ મહાજન અને ટ્રસ્ટ**

૧૭૩ મો ધ્વજા મહોત્સવ

ગુરુવાર તા. ૧૭ જૂન થી શનિવાર તા. ૧૯ જુન ૨૦૨૧


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

અમારી બીજી કોઈ શાખા નથી

**સોનલ આર્ટ** Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.



U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

## અતીતની અટારીએથી

# ''ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧૩)''

સોમ ધરમશી

મો. 97267 76627



(ગતાંકથી ચાલુ...)

સ્ટીમરની ગતિની સાથે ધીરે ધીરે આકાશમાં વધુ તારલિયા ટમટમવા લાગ્યા. દુર દુર આકાશમાં એક સાત તારાનાં ઝુંમખા તરફ મારી નજર ગઈ. ચંદને જણાવ્યું કે તેને સપ્તર્ષિ કહેવાય છે. કારણ કે એમાં સાત તારાનો સમુહ છે. બીજા એક તારાના સમુહને જોઈ મેં એને પુછ્યું તો જવાબ મળ્યો આટલા બધા તારાઓ વિશે ભુગોળમાં હું ભણી નથી. પણ જ્યારે ''હોકાયંત્ર'' શોધાયા ન હતા ત્યારે જુના જમાનાનાં વહાણોનાં ખલાસીઓ તેના કેપ્ટન આ તારાનાં સહારે જુદી જુદી પૂર્વ, પશ્ચિમ દિશાઓની જાણકારી મેળવી પોતાના વાહણનો રસ્તો નક્કી કરતા.

એટલામાં જ સ્ટીમરનાં માઈક ઉપરથી ધીમું ધીમું કર્ણપ્રિય સંગીત વાગવા લાગ્યું અને પછી એક જાહેરાત થઈ કે સ્ટીમરની ઉપર આવેલ ''એફ'' કેબીનમાં હાઉસીની ગેમ ૮=૦૦ વાગે રમાડવામાં આવશે. મારી બેને તરત જ માતુશ્રી પાસે પૈસાની માંગણી કરી અને ૧ રૂપિયો આઠ આના માતાજી પાસેથી પડાવી ફ્રોકનાં ખિસ્સામાં સેરવી દીધા. હાઉસી રમવા એક ટિકીટના આઠ આના હતા. ધીમેથી તેણે ચંદનને પુછ્યું પણ તેણે ના પાડી દીધી. મોટી બહેને મને બુટ પહેરી તૈયાર થઈ જવા કહ્યું અમે સ્ટીમરના વચલા ભાગમાંથી સીડી દ્વારા કેબીન તરફ ચડવા લાગ્યા, ત્યાંજ માઈક ઉપરથી તે જમાનાનું અતિ પ્રચલિત ગીત વહેવા માંડ્યું ''ભોલી સુરત, દિલ કે ખોટે, નામ બડે ઓર દર્શન છોટે...''

સીડી ચડી અમે ઉપર આવ્યા તો સફેદ યુનિફોર્મમાં સજ્જ એક ખલાસી હાઉસીની ટીકીટ વેંચવા ઉભો હતો. મોટી બહેને ફ્રોક માંથી એક રૂપિયા આઠ આના આપી ત્રણ ટિકીટ લીધી, ટીકીટ સાથે તેણે દાંત ખોતરવાની સળી પણ આપી. કુતુહલવશ મેં બહેનને ''સળી શા માટે આપણને આપી ?'' જવાબ મળ્યો ટીકીટ ઉપર નિશાની કરવા. હવે અમે જે રૂમમાં દાખલ થયા ત્યાં ચારે બાજુ ટેબલ ગોઠવાયેલ હતા અને તેની પાછળ ખુરશી. કેટલાક લોકો ખુરશી પર આવી બેસી ગયા હતા. મોટી બહેન મને એક ખુરશી તરફ દોરી ગઈ અને બાજુની ખુરશીમાં પોતે બિરાજમાન થઈ.

મેં ધીરે ધીરે રૂમમાં નજર ફેરવવા માંડી બે-ત્રણ બાળકો અને બાકીના પંદરથી વીસ વ્યસકો હતા. લોકોના પહેરવેસ ઉપરથી એ લોકો ધનાઢ્ય હશે એમ મને લાગ્યું. નીચે માઈક ઉપર સંભળાતું સંગીત અહીં પણ સંભળાતું હતું. આ રૂમમાં સફેદ યુનિફોર્મમાં સજ્જ બે-ત્રણ ખલાસી હતા અને ત્યાંજ લાલ સાડી પહેરેલી એક મહિલાએ પ્રવેશ કર્યો. માઈક ઉપરથી સંગીત બંધ થયું અને મહિલાએ ટેબલ પર પડેલ હેન્ડ માઈક ઉપાડી હાથમાં લઈ વંદન કરી બોલવા માંડી.

''આપ સબકા સિંધિયા સ્ટીમ નેવીગેશન કી સ્ટીમર.... પર સ્વાગત હૈ. આપકી અભી તક કી સફર સુહાની રહી હોગી. હમારી શીપ કે કેપ્ટન મિસ્ટર... હૈં. હમારી શીપ કલ સુબહ કરીબન ૮ બજે માંડવી બંદર પહોંચેગી. અબ આપકે મનોરંજન કે લીયે હમ સબ હાઉસી ગેમ ખેલેંગે. મેરા નામ મેડમ કુરીયન હૈં. આપકા ફીરસે સ્વાગત હૈ.''

મેડમે હાઉસીં રમતના નિયમો સમજાવી ટેબલ પર પડેલ ડબ્બામાંથી એક કાગળ કાઢી ટેબલ ઉપર પાથર્યું. દૂરથી તેમાં શું હતું તે મને દેખાતું ન હતું. મોટી બહેને સમજાવ્યું કે હવે તે ડબ્બામાંથી એક પછી એક નંબર કાઢશે, અને એ નંબર આપણી ટીકીટમાં હોય તો આપણે સળીથી તેમાં નિશાની કરવાની.

મેડમનો અવાજ આવ્યો ''અબ હમ શુરૂ કરતે હૈ હાઉસી કી ગેમ ઔર આપ સબકો મેરી તરફસે વિજયેતા બનને કી શુભેચ્છા દેતી હું. આજ કા પહેલા અંક હૈ ૬૬-(દો ફેટ લેડી).'' મેં આજુ બાજુ નજર ફેરવી પણ રૂમમાં કોઈ ''ફેટ લેડી'' દેખાણી નહીં. મોટી બહેને મને ટીકીટમાં છાસઠ નો આંકડો જોવા કર્યુ. મારી ટીકીટમાં એ ન હતો.

આગળનો નંબર કાઢતા મેટમ બોલી નંબર ૯- આઈ એમ ફાઈન. ચોકલેટનો ડબ્બો હાથમાં લઈ તે મારી પાસે આવી અને મને પુછ્યું ''હાવ આર યુ માય યંગ ફ્રેન્ડ - મેં હિમ્મતથી કહ્યું- ''આઈ ફાઈન.'' મને એક ચોકલેટ આપી તે ઉપસ્થિત અન્ય બાળકોને ચોકલેટ આપી મટકતી મટકતી ટેબલ તરફ પાછી ફરી. લાલ સાડી, બફકટ વાળ અને લાલ લિપ્સટીકથી રંગાયેલા હોઠમાં તે સુંદર દેખાતી હતી.

(શ્રી રતીલાલ શિવજી લોડાયા-કોઠારા જે હાલમાં બૌતેર જિનાલયે વ્યવસ્થાપકની પદવી સંભાળે છે તેમણે તેમની સ્ટીમરની સફર વખતે હાઉસી રમેલા તે યાદ દેવડાવ્યું)

# શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ
# શ્રી વરાડીયા ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન

## નોટીસ : વાર્ષિક સામાન્ય સભા

શ્રી વરાડીયા જૈન દેરાસર ટ્રસ્ટ/મહાજનની વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૭ માર્ચ ૨૦૨૧ના બપોરે ૨.૩૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વે), મુંબઈ ૮ મધ્યે બોલાવવામાં આવેલ છે. વરાડીયા મહાજનના સર્વે સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

**એજન્ડા : કાર્યસૂચિ**

(૧) ગત વાર્ષિક સામાન્ય સભાની મિનીટ્સનું વાંચન અને બહાલી.

(૨) ગત વાર્ષિક સામાન્ય સભાની તારીખથી અત્યાર સુધીની ટ્રસ્ટ/મહાજનની પ્રવૃત્તિઓનો અહેવાલ.

(૩) વર્ષ ૨૦૧૯-૨૦ ના ઓડીટેડ હિસાબો તથા ઓડીટ રીપોર્ટની રજુઆત અને બહાલી.

(૪) વર્ષ ૨૦૨૦-૨૧ માટે ઓડીટરની નિમણુંક.

(૫) વરાડીયામાં આ વરસે કોઈ સાધુ/સાધ્વીશ્રીનું ચાર્તુમાસ કરાવવા અંગે, જિનાલયની ૧૧૯ મી ધ્વજા અંગે તથા પર્યુષણ મહાપર્વની ઉજવણી અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય.

(૬) દેરાસરના શિખરો સહીત ઉપરનાં ભાગમાં રંગરોગાન બાબત ચર્ચા -વિચારણા કરી યોગ્ય નિર્ણય.

(૭) પ્રમુખ સાહેબની મંજુરીથી અન્ય કાર્યવાહી

**નોંધ :** ૧) ઓડીટેડ હિસાબો તા. ૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ ના સાંજે ૪.૦ થી ૭.૦૦ દરમ્યાન મુંબઈ કાર્યાલય, C/o. દીપક ગંગાજર ડાઘા, એ-૧૨૦૩, મહાવીર રેસીડેન્સી, બાલરાજેશ્વર મંદિર પાસે, લાલબહાદુર શાસ્ત્રી માર્ગ, મુલુંડ (વે), મુંબઈ ૮૦ ખાતે જોવા તપાસવા ખુલ્લા મુકવામાં આવશે.

૨) વાર્ષિક સભામાં હાજરી આપનારે કોવિડ -૧૯ ના સરકારી આદેશોનું પાલન કરવાનું રહેશે.

૩) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક પછી એ જ દિવસે ને એ જ સ્થળે મળશે જેને કોરમની આવશ્યકતા નહીં રહે.

૪) એજન્ડાને લગતા / સિવાયના સવાલો / સૂચનો મીટીંગના દિવસથી પાંચ દિવસ અગાઉ લેખિતમાં મોકલી આપવા.

૫) સભા બાદ અલ્પાહારની વ્યવસ્થા છે.

**શ્રી વરાડીયા જેન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ્ ટ્રસ્ટ વતી**
**પદમ લાલજી લોડાયા (સેક્રેટરી)- મુંબઈ, તા. ૧૫.૦૨.૨૦૨૧**

## વરાડીયામાં ચાર્તુમાસની શક્યતા અંગે પૂર્વ તૈયારી

આ વરસે વરાડીયામાં સ્થાનિકો ઉપરાંત બહારગામથી ૨૫-૩૦ ભાવિકો ચાર મહિના માટે વરાડીયા રહેવા તૈયાર થાય તો જ કોઈ સાધુ/સાધ્વીશ્રીના ચાર્તુમાસ કરાવવા અંગે નિર્ણય લઈ શકાય. આ ભાવિકોને રહેવા માટે વરાડીયાવાસીઓ પોતાના રહેવા લાયક બંધ ઘર વાપરવા આપે એ પણ જરૂરી છે. બહારગામથી પધારનાર ભાવિકો માટે ચાર્તુમાસના સમય દરમ્યાન ભોજનની વ્યવસ્થા મહાજન/દાતાશ્રીઓ દ્વારા થઈ શકશે.

જે ભાવિકો સં. ૨૦૭૭ ને અષાઢ સુદ પુનમથી સ. ૨૦૭૮ ને કારતક સુદ પૂનમ સુધી ચાર મહિના માટે વરાડીયા રહેવા તૈયાર હોય તથા જેઓ પોતાના ઘર આ સમય માટે વપરાશ માટે આપવા તૈયાર હોય તેમણે ટ્રસ્ટીઓ

| | |
|---|---|
| પદમ લાલજી લોડાયા | 93228 27085 |
| રતિલાલ શામજી મોમાયા | 98191 97332 |
| નલિન રતનશી ડાઘા | 97691 11040 |

નો તા. ૨૫.૦૨.૨૦૨૧ સુધીમાં સપર્ક સાધવો.

### શાંતિ કલ્યાણ નિધિ ફંડ :

સન ૨૦૧૭માં દેરાસરની ૧૧૫મી સાલગીરાના વરસે મહોત્સવ દરમ્યાન **શ્રી શાંતિનાથ દાદાની પધરામણી, દાદાશ્રી કલ્યાણ સાગર સુરીશ્વરજી મ. સા. ની નૂતન દેરીમાં પુનઃ પ્રતિષ્ઠા** તથા મુળ નાયક દાદાનો ક્રમાંક ૨૩ ના સુમેળ સાથે શાંતિ કલ્યાણ નિધિ ફંડની શરૂઆત થયેલ, જેમાં સન ૨૦૧૭ -૧૮ થી સન ૨૦૨૧-૨૨ વર્ષ દરમ્યાન પાંચ વરસ સુધી દર વરસે રૂા. ૨૩,૦૦૦/- પ્રમાણે રૂા. ૧,૧૫,૦૦૦/- દાન આપનાર પરિવારનું નામ દેરાસર સંકુલમાં તક્તી પર કાયમી ધોરણે અંકિત કરવામાં આવશે. અગાઉ ૧૭ નામ નોંધાયેલા છે. આ વરસે નવા પાંચ નામ આવ્યા છે.

૧. માતુશ્રી ગંગાબાઈ નરશી જેઠાભાઈ દંડ, મલકાપુર
૨. માતુશ્રી માંકબાઈ લધાભાઈ મણશી મોમાયા, બેંગ્લોર - મુંબઈ
૩. સ્વ. અ. સૌ. ભાનુમતીબેન કરમચંદ આણંદજી વિકમશી, હુબલી
૪. માતુશ્રી રતનબાઈ હેમરાજ કાનજી મોમાયા, હુબલી
૫. સૌ. હીનાબેન તથા હેમંત માણેકજી નરશી લોડાયા (શાહ) ગુંદરવાલા, કેનેડા

આ યોજનામાં જોડાવવા માટે આપ સૌને અનુરોધ છે.

**૧૧૮મું ધ્વજારોહણ તથા પર્યુષણ પર્વ :** કોવીડ -૧૯ મહામારીને લીધે જિનાલયનો ૧૧૮ મો ધ્વજા મહોત્સવ તથા પર્યુષણ મહાપર્વની આરાધના સાદાઈથી થયેલા. ધ્વજા મહોત્સવને અનુલક્ષીને આની ફાળામાં ૨૦૫ પરિવારોએ ૨૭૨૮ આની લખાવી રૂા. ૩.૨૨ લાખ જમા કરાવ્યા. ધ્વજારોહણ નિમિત્તે માતુશ્રી નેણબાઈ મણશી કાનજી દંડ પરિવાર - ઘાટકોપર તરફથી મુળનાયકશ્રી માટે સુંદર વસ્ત્ર આંગી અર્પણ થયેલ.

જ્ઞાન
ગમ્મત

# કચ્છી કસબ – ૧૫૧

રચયિતા : જયકાંત મોતા – તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





ઉભી ચાવીઓ :

૧. વારંવાર (continuously) (૪)
૪. નજીકમાં (closed by) (૪)
૭. ચૂંટવું (to pluck) (૩)
૯. કયારનો (since long time) (૩)
૧૦. શાક સમારવું (to cut vegetable) (૨)
૧૧. કુતરો (dog) (૨)
૧૨. સરક્યો (to move) (૨)
૧૩. કાંઈક બોલ (say something) (૨)
૧૪. દમ (asthma) (૨)
૧૫. ઘણા બધા (too many) (૨)
૧૭. લાલ રંગ (red colour) (૪)
૧૯. ફરિયાદ (complain) (૨)
૨૧. મુસાફરો (passengers) (૩)
૨૨. મુર્ખ પુરૂષ (sily man)(૨)
૨૩. બહેરો પુરૂષ (deaf man) (૨)
૨૪. ખરાબ પુરૂષ (bad man)(૩)
૨૭. દવા (medicine) (૨)
૨૮. બધું (everything) (૩)
૨૯. દસ (ten) (૧)
૩૦. ધૂળ (dust) (૨)
૩૨. નિસ્વાર્થી (unselfishness) (૩)
૩૩. ઈંડા (egg) (૨)
૩૫. હજી (still) (૨)
૩૬. વહેંચવું (to distribute) (૩)

ઉભી ચાવીઓ :

૧. ફસાવવું (to cheat) (૩)
૨. પુરુષ માટે મનમાં રાજી થવું (for gents to be happy internally) (૪)
૩. સરખા (properly) (૨)
૫. ટીંડલી એક શાક (kind of vegetable) (૨)
૬. ઈયળ (white ant) (૩)
૭. સાંભળો (to listen) (૨)
૮. રંધાઈ ગયું (to cooked) (૩)
૧૦. મુછ (monstache) (૨)
૧૧. મમરા (rice flakes) (૩)
૧૨. હળવેકથી સરકાઈ લેવું (to steal silently)(૩)
૧૩. માંકડ (bug) (૩)
૧૬. ગધેડો (donkey)(૩)
૧૮ બોલવામાં અસભ્ય માણસ (rude man) (૩)
૧૯. લીપણ (about flooring) (૨)
૨૦. એક હુંકારો (response to talk) (૨)
૨૩. ઝાળુ કાઢવું (to sweep) (૩)
૨૫. વસ્તુનું પડ્યા કરવું (things to be fallen now and then) (?)
૨૬. સુવાનો રૂમ (bed room) (૩)
૩૧. અહેસાસ કરાવવું (to oblige) (૩)
૩૪. નથી (not having) (૨)

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે. આપના સહકારની આશા છે.

॥ શ્રી અજિતનાથાય નમઃ ॥

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

રજી. નં. એ - ૭૫ - જામનગર

મુ. પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦.

Mumbai Office : C/0. 208, Bhaveshwar Complex, Near Railway Station, Vidhyavihar (West), Mumbai - 400 065.

- શ્રી અજીતનાથ દાદાની ૧૧૮મી ધજા વૈશાખ સુદ ૫ ને રવિવાર, તા. ૧૬.૫.૨૦૨૧ના સરકારી નિયમોને આધિન ઉજવવામાં આવશે.
- ધ્વજા ચડાવાનો લાભ મા. સોનબાઈ શામજી પેથરાજ શિયાળ પરિવારે લીધેલ છે.
- આ પ્રસંગે ૧૮ અભિષેક (નકરો રૂા. ૧૫૦૦/-) તથા ૧૭ ભેદી પૂજા (નકરો રૂા. ૧૧૦૦/-)નું આયોજન કરેલ છે. વહેલો તે પહેલાના ધારેણે નામો શ્રી પ્રવિણ રાયચંદ લોડાયા (મો.૯૮૩૩૮ ૧૯૬૮૯)ને લખાવવા વિનંતી.
- વિધિકાર શ્રી કલ્પેશભાઈ શાહ, સંગીતકાર શ્રી વિક્રમભાઈ મહેતા સંગીત મંડળી સાથે પધારશે.
- આ પ્રસંગે બપોરની સાધાર્મિક ભક્તિનો લાભ મા. મણીબેન ગોવિંદજી ગાંગજી લાપસીયા પરિવારે લીધેલ છે.

આ પ્રસંગે સર્વે ગામવાસી ભાઈ-બહેનો, નિયાણી દિકરીઓ, આમંત્રિત મહેમાનો, સગા-સબંધીઓને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**ખાસ નોંધ :**

મહાજનવાડી રૂમ બુકીંગ તથા ભોજનાલય માટે સંપર્ક : શ્રી ધીરૂભાઈ અજમેરીયા - ૦૮૨૩૮૬ ૪૧૭૬૨

**લી. શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીગણના જય જીનેન્દ્ર**

# ખોના કુળગોત્રના શ્રી સચ્ચાઈ માતાજીનું સ્થાનક

ખોના ફળીયા, નલિયા, કચ્છ

શ્રી સચ્ચાઈ માતાજીના ભુવાશ્રીની ગંધી ચૈત્ર સુદ - ૧૫ (પુનમ) ને તા. ૨૭.૪.૨૦૨૧ ને મંગળવારના સવારના ચઢતે પહોરે બદલાવવાનું રાખવામાં આવેલ છે. સ્થાનકે નમતા સૌ ભાવિકોએ આ પ્રસંગે હાજર રહેવા વિનંતી છે.

આપના આગમનની અગાઉથી જાણ કરવા વિનંતી છે તો ઉતારાની વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

**: સંપર્ક :**

| | | |
|---|---|---|
| ફાલ્ગુન લખમશી ખોના | ભાંડુપ | ૯૮૨૦૬ ૨૦૪૯૯ |
| લીતેશ હિરાચંદ ખોના | ડોંબીવલી | ૯૬૧૯૪ ૯૩૪૭૨ |
| ચેતન માણેકચંદ ખોના | ગોરેગાંવ | ૯૩૨૪૪ ૬૧૮૯૪ |
| અમીત જેઠાલાલ ખોના | ડોંબીવલી | ૯૩૨૧૭ ૦૫૫૧૧ |
| ચીમનલાલ હીરજી ખોના | માટુંગા | ૯૮૨૧૦ ૬૯૨૫૫ |
| લલીત કુંવરજી ખોના (માતાજીના ભુવાશ્રી) | નલિયા | ૯૯૨૦૪ ૦૩૯૫૦ |

# પ્રકાશ સમીક્ષાના વિશિષ્ટ વાચકો




આમતો પ્રકાશ સમીક્ષામાં મારા લેખ સંબંધી ઘણા જ્ઞાતિજનોના પ્રશંસા, પ્રોત્સાહન, પ્રેરણા અને કેટલીક વાર પરિચયના પ્રતિસાદ ફોનના માધ્યમથી મળે છે. લગભગ નિઃશુલ્ક મોકલાતું જ્ઞાતિનું આ મુખપત્ર જ્ઞાતિજન વાંચે તે અપેક્ષિત અને સ્વાભાવિક છે. પણ આ લેખના માધ્યમથી કેટલાક વિશિષ્ટ વાચકોના ફોન દ્વારા મળેલ પ્રતિસાદ નહીં, પણ તેમનો અલ્પ પરિચય આપું છું, જે જાણીને નવાઈ પણ લાગે કે, જેઓ વાંચવાની ઈચ્છા રાખે છે તેઓ પ્રકાશ સમીક્ષા જરૂર વાંચે છે, અને તેમના માટે દેશ પરદેશ, લેખની લંબાઈ કે જ્ઞાતિ પણ ગૌણ છે, અને સુંદર સકારાત્મક પ્રતિસાદ પણ આપે છે. હું પોતે પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ, અમદાવાદ દ્વારા પ્રકાશિત થતા માસિક 'મંગલ મંદિર'નું લવાજમ ભરીને વાંચતો. આ પૂર્વ ભૂમિકા કદાચ મારા હવે પછીના લેખના ભાગને યથાર્થ ઠહેરાવશે.

લગભગ પાંચેક મહિના પહેલાં અમેરિકા ન્યૂયોર્કથી અમારા કોઠારા ગામના માનનીય શ્રી નાયક જેઠાભાઇ દંડ (નાયક શેઠ)ના સુપુત્ર શ્રી વિજયભાઈએ ફોન કરીને જુના સંબંધો તાજા કરીને મને આ લેખન વાંચનની રચનાત્મક પ્રવૃતિ ચાલુ રાખવાની સુંદર સલાહ આપી. લગભગ આજ ગાળામાં અમેરિકા વોશિંગટનથી મૂળ બારોઇનાં ક.વી.ઓ. પણ લગભગ ત્રીશ વર્ષોથી અમેરિકા સ્થાઈ થયેલ એવા પ્રવાસી ભારતીય શ્રી ચંદ્રકાન્ત સંગોઈએ પણ મારા લેખ 'કચ્છ આ અબ છોડ ચલે' બાબત પ્રોત્સાહન અને પ્રશંસાના શબ્દો ઉચ્ચારેલ.

લગભગ ત્રણેક માસ પહેલાં કોઈ ગુર્જર ભાઈ શ્રી નૌતમલાલ પરીખે પણ મારા લેખ 'અજ્ઞાન, જ્ઞાન અને વિજ્ઞાન' સંબંધે ખુબ જ સારો અભિપ્રાય આપેલ. આ મહિનામાં હાલ મુંબઈ મુલુન્ડના સર્વોદય નગરમાં રહેતા અને સુપર સીનીઅર સીટીઝન હાલારી વિશા ઓસવાળ સમાજના (જે સૌરાષ્ટ્રમાં માજન કે મહાજન સમુદાય તરીકે ઓળખાય છે) શ્રી કપૂરચંદભાઈ સુમેરીયા (શાહ) એ વૃધાશ્રમ સબંધી લેખ પર સુંદર પ્રતિભાવ આપ્યો. ગઈ કાલે એટલે કે ૧૩મી ફેબ્રુઆરીના મુંબઈ ક. વી.ઓ મહાજનના પ્રમુખ અને સુપર સીનીઅર સીટીઝન શ્રી પન્નાલાલ ખીમજી છેડાએ લગભગ ત્રીસ મિનિટ સુધી વૃધાશ્રમ સબંધી લેખ અને અન્ય બાબતો પર વાત કરી. એટલું જ નહિ પણ તેમના હાથમાં આકસ્મિક કારણે પ્રકાશ સમીક્ષાનો જે અંક આવ્યો, તેમાં મારા વૃદ્ધાશ્રમ વિષયનો ભાગ -૨ હતો તેથી તેમણે મને આ લેખનો ભાગ-૧ મોકલવા પણ વિનંતી કરી! તેઓ પોતે પણ સારા લેખક છે અને તેમના બે પુસ્તકો પ્રકાશિત થયેલ છે. આવા સુજ્ઞ અને સજ્જન વ્યક્તિઓના પ્રતિભાવને જો પ્રકાશિત ના કરીએ કે ઉજાગર ના કરીએ તો કદાચ આપણે ઉણા ઉતરીએ તેવો મારો વ્યક્તિગત અભિપ્રાય છે તેથી મેં આ ચર્ચાપત્ર લખેલ છે.

પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) - કોઠારા-સુરત.
મોબાઈલ : ૯૯૭૮૯૦૩૨૪૭

**વિશેષ નોંધ :**

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

## ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ : તા. ૨૯.૫.૧૯૫૦

સ્વર્ગવાસ : તા. ૧૬.૧.૨૦૨૧

**અ.સૌ. સ્વ. તારામતી જેઠાલાલ મોમાયા,** ઉ.વ. ૭૦
(સાંચરા, હાલે જુનાગઢ)

**હૃદય અમારૂં રડી પડે છે... તસ્વીર જોઈ તમારી**
**હૈયુ માનવા તૈયાર નથી કે હસ્તી નથી આપની**
**નથી ભુલાતી વસમી વિદાય તમારી**
**હરપળ થાય અહેસાસ તમારો**
**તમારા સાથ વિનાનો વર્તમાન રડાવે છે.**

**પ્રભુ આપની આત્માને ચિર શાંતિ અને ઉચ્ચ ગતિ આપે એજ પ્રાર્થના.**

**-: શોકાતુર પરીવાર :-**

**માતુશ્રી સોનબાઈ દેવશી વરસંગ મોમાયા પરીવાર**
**માતુશ્રી કસ્તુરીબાઈ વિશનજી નાગડા પરીવાર**

ભુલ સુધાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ

૦૭ ફેબ્રુઆરી ૨૦૨૧ના મુલુંડ વેસ્ટ, મુંબઈ ખાતે પ્રમુખશ્રી મયુર મણીકાંત ધુલ્લાના અધ્યક્ષસ્થાને જયાં વર્લ્ડ અલ્ટ્રા સાયકલિંગ એસોસિએશન દ્વારા આયોજિત "G2G" (INDIA Gate, Delhi to Gateway of India, Mumbai) સુધી ૧૪૬૦ કિ.મી.ની સફર પુરી કરનાર જ્ઞાતિના બે યુવા પ્રતિભા શ્રી મેહુલ સુર્યકાન્ત લોડાયા (ગામ : રવા – કચ્છ) અને શ્રી યશ રમેશ છેડા (ગામ : સુથરી – કચ્છ)ને બિરદાવવા માં આવેલ.

મંડળના પ્રમુખ શ્રી મયુર મણિકાંત ધુલ્લાએ સર્વ જ્ઞાતિજનો ને આવકાર આપ્યો. યુવા પ્રતિભાઓની સિદ્ધિ ની જાણકારી મંડળના માનદમંત્રી શ્રી જીજ્ઞેશ કુંવરજી મોતાએ આપી હતી. બન્ને યુવાનોએ સંસ્મરણ વાગોળતા પોતાની સાયકલિંગ સફરની શરૂઆત સર્વોદય મંડળ દ્વારા આયોજિત ''રમતોત્સવ ૨૦૧૮''થી થયાનું જણાવેલ. આ પ્રેરણા મેળવી પોતાની સફર આગળ વધારવા બન્ને યુવાનો ''મુલુન્ડ રાઇડર્સ ગ્રુપ''માં જોડાયા. ત્યાર બાદ તેઓ એ BRM પૂર્ણ કરી "SR" - SUPER RANDONNEUR title પ્રાપ્ત કરેલ.

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ દ્વારા બન્ને યુવાનોને સુંદર સ્મૃતિચિન્હ ભેટ આપવામાં આવેલ અને ભવિષ્યમાં વધુ મોટી સિદ્ધિઓ પ્રાપ્ત કરે એવી શુભેચ્છા આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ મંડળના માનદમંત્રી શ્રી જીજ્ઞેશ કુંવરજી મોતા દ્વારા કરવામાં આવી હતી.

## પાલીતાણા તીર્થે ચૈત્ર માસની આયંબીલ ઓળીની સમુહ આરાધનાનું આયોજન

સ્વાધ્યાય પ્રેમી પ. પૂ. નરેન્દ્રશ્રીજી મ. સા.ના શિષ્યા આત્માનંદી પ. પૂ. મહોદયાશ્રીજી મ. સા. આદિ ઠાણાની નિશ્રામાં ચૈત્ર માસની ઓળી (તા. ૧૮.૦૪.૨૦૨૧ થી ૨૬.૦૪.૨૦૨૧)ની સમુહ આરાધનાનું આયોજન કરવામાં આવેલ છે. આરાધનામાં જોડાવા ઇચ્છતા આરાધકોએ પોતાના નામ ૮૬૦૦૬ ૧૮૪૨૯ પર મોકલી આપવા વિનંતી. વધુ માહિતી માટે સંપર્ક રમેશભાઇ લોડાયા ૯૮૯૨૦૦૩૯૪૦.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – યવતમાલ

શ્રી K D O જૈન જ્ઞાતિ મહાજન યવતમાલની સભા થયેલ એમાં નીચે મુજબ કાર્યકારિણી નિમાયેલ.

પ્રમુખ શ્રી વિક્રમભાઇ નરેન્દ્ર ઘરમશી, ઉપ પ્રમુખ શ્રી અશ્વિનભાઈ ઘરમશી, સેક્રેટરી શ્રી લહરભાઇ નાગડા, ખજાનચી શ્રી પુર્વેશભાઇ લોડાયા, મહાસમિતિ પ્રતિનિધિ શ્રી મનીષભાઈ વી. ઘરમશી. પૂર્વ પ્રમુખ શ્રી દીનેશભાઇ લોડાયાને શ્રધાંજલિ અર્પણ કરાયેલ. આભાર પ્રદર્શન શ્રી લહરભાઇ નાગડાએ કરેલ.

## શ્રી જિનેન્દ્ર જયોતિર્ધામ મંદિર – ભુજપુર

શ્રી જિનેન્દ્ર જયોતિર્ધામ મંદિર ભુજપુરની ૪૧ મી સાલગીરી ધ્વજારોહણ ૨૪.૦૨.૨૦૨૧ બુધવારના ઉજવાશે. મુખ્ય શિખરની ધ્વજાના લાભાર્થી અ. સૌ. રશ્મિ પ્રતાપ લોડાયા, અ. સૌ. જયા હીરાચંદ શાહ અને શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા. મંદિરની અંદરની ત્રણ દેરીની ધ્વજા અ. સૌ. નિશા ભાવેશ લોડાયા, શ્રી શાન્તીલાલ કલ્યાણજી લોડાયા અને ચંદ્રકાન્ત હીરજી ખોના. ઘંટાકર્ણ પૂજન હવન મા રાડી સાથે નવીન મારૂ લાભ લીધેલ છે. અભિષેક, ભગવતી પૂજન, નવગ્રહ પૂજન, દશ દિકપાલ પૂજન, શણગાર ચુંદડીનો પધારેલા ભાવિકોને લાભ અપાશે.

## હુબલી મહિલા હિતવર્ધક મંડળ

૨૦૨૧ની પહેલી મિટીંગનું આયોજન ૨૩ જાન્યુઆરીના નવી કમિટીના હસ્તે કરવામાં આવ્યું.

પ્રમુખ હંસા બી. ધરમશી, ઉપપ્રમુખ રીટા કે. મહેશ્વરી, સેક્રેટરી ડૉ. મધુબાલા એમ. લોડાયા, જોઈન્ટ સેક્રેટરી લેખા બી. ખોના, ખજાનચી રશ્મી કે. મુનવર, જોઈન્ટ ખજાનચી ભક્તી પી. પટેલ. આ મિટીંગમાં ૨૦૨૦ દરમ્યાન અરિહંત


Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

શરણ થયેલ મેમ્બરોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ક.દ.ઓ. નાતબાર પરણેલી નિયાણીઓને મંડળમાં નવા મેમ્બર બનાવ્યા 'મુજે કુછ કહેના હૈ'ના અંતર્ગત મેમ્બરોએ એમની પ્રવૃત્તિઓની કારોબારની માહિતી ૨ મિનીટમાં આપી. થોડા મેમ્બર્સે પહેલીવાર સ્ટેજ પર બોલવાની હિંમત કરી. નવી નવી ગેમ્સ રમાડી બધાને ખુશ કર્યા. ૯૫ મેમ્બરોએ આ મિટીંગમાં હાજરી આપી.

**શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)**

શ્રી ચંદ્રેશ વિરચંદ છેડા (રાયપુર - સુજાપર)

ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ સમિતિ - રાયપુરના ગઠન માટે સકલ જૈન સમાજની આમ સભા (એ.જી.એમ.) સદર બાઝાર જૈન મંદિરમાં યોજવામાં આવેલ જેમાં નવા પદાધિકારીઓના ચયન માટે આપણા સમાજના શ્રી ચંદ્રેશ વીરચંદ શાહને સર્વસમ્મતિથી 'માનદ્ મંત્રી'ના પદે નિમાયા છે.

શ્રી ભાવિક શશિકાંત નાગડા (રાયપુર - જખૌ)

શ્રી ભાવિકભાઈ રાયપુર સેલ્સ ટેક્ષ બાર એસોસિએશનના વર્ષ ૨૦૨૧-૨૨ માટે 'સચિવ' પદે નિર્વિરોધ ચુંટાયા છે. છેલ્લા દશ વર્ષથી તઓ ખજાનચી તરીકે કાર્યરત હતા.

**સખીવૃંદ પૂણે**



વેલેન્ટાઈન ડે નિમિત્તે જીનલ રાજેન્દ્ર મૈશેરી એ ફ્લોરલ ગિફ્ટ પેકિંગના વિષય પર તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૨૧ના મિટીંગનું આયોજન કર્યું. એ માટે તેમણે ગુંજનબેન વિરલ નાગડાને આમંત્રિત કર્યા હતા. ગુંજનબેને ગિફ્ટીંગ વિષયને કળાનું અનોખું રૂપ આપી સૌ સમક્ષ પ્રસ્તુત કર્યું. તેમાં વપરાતી દરેક સામગ્રીની માહિતી અને તેનો સાવચેતીપૂર્વક ઉપયોગ કરવાનું સમજાવ્યું.

ત્યારબાદ સાતત્ય ના તૂટે તેવી પરંપરામાં લતાબેન મોમાયા અને પુષ્પાબેન લોડાયાએ લગ્નવિધી - શાસ્ત્રને આગળ વધારતા વિદાય સુધીના ભાગની સુરીલા ગીતો સાથે રજુઆત કરી. મહિમા નાગડાએ આભાર વિધી કરી.

**શ્રી કે.ડી.ઓ. સ્ટુડન્ટસ્ એસોસિએશન**

સંસ્થાની કારોબારીની ચૂંટણી તા. ૨૧.૩.૨૦૨૧ યોજાશે. ઉમેદવારી નોંધાવવાની છેલ્લી તા. ૧૫.૩.૨૦૨૧ છે.

## Shree K.D.O Students Association

**Managing Committe**
**Election Notice - 2021-23**

**Form filling / submission date**
14th and 15 th march 2021.
Time : 6pm to 8 pm.

**Form widrawl date**
18th march 2021
Time 6 pm to 8 pm.

**Election / result date**
21st march 2021. Sunday,
Time : 10am to 5pm.

**Venue :**
VLVG BAK hostel campus,
Cama lane, Gharkopar

Bharat Chheda
(Election commissioner)
**Date : 19.2.2021**

## જોઈએ છે

### મુખ્ય ગૃહપતિ

### મદદનીશ ગૃહપતિ

૧૧૭ વર્ષ જુની સંસ્થાના વિદ્યાર્થીગૃહમાં રહી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સાર સંભાળ અર્થે મુખ્ય ગૃહપતિ તેમજ મદદનીશ ગૃહપતિની જરૂરીયાત છે. શૈક્ષણિક ક્ષેત્રનો અનુભવ ધરાવતી વ્યક્તિઓને પ્રથમ પસંદગી.

**રહેવા - જમવા સગવડ આપવામાં આવશે.**

**અરજી - બાયોડેટા મોકલાવશો**

શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ
શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ,
લક્ષ્મીનિવાસ, કામાલેન, કિરોલ રોડ,
ઘાટકોપર (પ.), મુંબઈ - ૪૦૦ ૦૮૬.

# વતનના વર્તમાન

**સંકલન : કેસરસિંહ ખોના**

**કેડીઓ ગૌરવ એડ. જિજ્ઞેશ મોતા**

આપણી જ્ઞાતિના એક ટોચના, અગ્ર હરોળના એડવોકેટ સોલિસીટર જિજ્ઞેશભાઈ મોતાને હૈદરાબાદની મેટ્રોપોલીટન કોર્ટ કોમ્પ્લેક્ષમાં સીબીઆઈ કોર્ટ માટે નવ નિર્મિત એક્સટેન્શન ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે જાતે હાજર રહેવાનું વિશિષ્ટ સન્માન પ્રાપ્ત થયું હતું.

આ એક્સટેન્શનનું હૈદરાબાદ હાઈકોર્ટના માનનીય જસ્ટીસ હિમા કોહલીએ ડિજિટલી ઉદ્‌ઘાટન કર્યું હતું.

આ કાર્યક્રમના પ્રમુખ સ્થાને તેલંગાણાના જજ અને હૈદરાબાદ જિલ્લાના વહીવટી જજ માનનીય જસ્ટીસ એમ. એફ. રામચંદ્ર રાવની વરદ ઉપસ્થિતિ રહી હતી.

આ પ્રસંગે મેટ્રોપોલિટન ક્રિમિનલ કોર્ટના બાર કાઉન્સિલના પ્રમુખ આર. વેકન્ટરામન સાથે આપણી જ્ઞાતિના લાખણીયાના હૈદરાબાદ નિવાસી સોલીસિટર – એડવોકેટ જિજ્ઞેશભાઈ એ. મોતા ઉપસ્થિત રહ્યા હતા.

**આર્કીટકર સ્ટાર ધ્રુવ હેમંત લોડાયા**



નલિયાના વડોદરા નિવાસી ધ્રુવ હેમંતભાઈ લોડાયા તાજેતરમાં 'સ્ત્રેલ્કા' મસ્કાવા (મોસ્કો) જેવી મહત્વપૂર્ણ અને ખૂબ પ્રતિષ્ઠિત રિસર્ચ પ્રોગ્રામ માટે પસંદગી પામ્યા છે.

મહત્વની હકિકત એ છે ધ્રુવ ભારતમાંથી એક માત્ર અને સૌથી નાની ઉંમરના આર્કિટેકટ છે અને વર્તમાનમાં અમદાવદની ઈનસેપ્ટ સંસ્થામાં પ્રોફેસર છે.

વડોદરાની નવ રચના યુનિવર્સિટીથી બી. આર્ક કર્યા બાદ યુ. સી. એલ. બાર્લેટ લંડનથી આર્કિટેકચરમાં માસ્ટર્સ ડિગ્રી હાંસલ કરી છે તથા તે સંખ્યાબંધ આંતરરાષ્ટ્રીય આર્કિટેકચર સ્પર્ધાઓમાં વિજેતા રહ્યા છે.

સ્ત્રેલ્કા રિચર્સમાં કુલ ૩૦૦ ઉમેદવારોમાંથી ૩૦ ની પસંદગી થઈ છે જેમાં ૧૫ રશિયાના અને ભારતના ધ્રુવ તથા બાકી અન્ય દેશોના છે.

સ્ત્રેલ્કા ટેરાફોર્મિંગ ક્ષેત્રે સંશોધન કરી રહી છે તથા ગ્લોબલ ગવર્નેન્સ, ટ્રાન્સનેશનાલિટી અને ક્લાઈમેન્ટ ચેન્જ જેવા વિષયો હાથ ધરશે. મા. ઈન્કમટેક્સ કમિશ્નરશ્રી તિલકભાઈ લોડાયાએ આપતા જણાવ્યું હતું કે આ પ્રોગ્રામ સફળતાપૂર્વક પાર કરતાં ધ્રુવ માટે રાષ્ટ્રસંઘમાં કામગીરી બનાવવાના દરવાજા ખુલી જશે.

પ્રકાશ સમિતિના અભિનંદન.

**રમકડાં મેળો**

હાલમાં જ શિક્ષણ અને કાપડ તેમજ કેટલાક અન્ય મંત્રાલયોના સહયોગમાં આયોજિત રમકડાં મેળામાં રાજ્ય સ્તરની સ્પર્ધામાં શૈક્ષણિક રમકડાં વિભાગમાં દેશલપરની પ્રાથમિક શાળાના શિક્ષકા દમયંતીબેન પટેલ દ્વારા વેસ્ટ વસ્તુઓના ઉપયોગ વડે બનાવાયેલી શૈક્ષણિક રમકડાં કિટને પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

**નાસા પ્રાયોજિત સ્પર્ધામાં અંજારતની ચાન્સી જૈન પ્રથમ**

વલ્લભવિદ્યાનગરમાં એંજીનિયરીંગની વિદ્યાર્થીની અને અમદાવાદના ઈસરો કેન્દ્રમાં સેટેલાઈટ ઈમેજિંગ વિષય પર સંશોધન કરી રહેલી અંજારની ચાન્સી રિતેશ શાહે નાસાની આગેવાની હેઠળ કેનેડા, જાપાન, ફ્રાન્સ અને યુરોપની અન્ય એજન્સીઓ દ્વારા પ્રયોજિત કરાયેલી આ સ્પર્ધામાં વિજેતા બની છે. વિશ્વભરમાંથી કુલ ૨૬૦૦૦ થી વધુ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ચાન્સી જૈનની ટીમે વરસાદી પૂરમાં રાષ્ટ્રીય સંપત્તિ બચાવવા અને અસરકારક પગલા ભરવા માટેની ઉપયોગી સેટેલાઈટ ઈમેજ અને મોબાઈલ એપ બનાવી હતી જેને આ સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયો છે.

**પાસ થયા અભિનંદન**

જખૌની હાલ ગંજબાસોદા મ. પ્ર. નિવાસી સરલ જિતેશ મોતીયાભાઈ ખોના એમ. બી. એ ફાઈનાન્સમાં ૮૧.૨ % સાથે પાસ થઈ છે.

**મુક્તક**

આરંભથી અજાણ છું, ને અંતથી છું બેખબર
અધવચાડે હું ઉભો છું, હું સફરથી બેખબર
દરિયો મને ગમતો રહ્યો છે, આદીકાળથી
નાવમાં, મઝધારમાં છું, હું સફરથી બેખબર.

– પ્રફુલ જોષી

**વિશેષ નોંધ :**

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન–સગપણ, જન્મ–મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **– તંત્રી મંડળ**

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**રમેશ મુલજી હિરજી લોડાયા**
(PS 1382) ગામ : ભરુડીયા
A-1102, મણીભદ્ર, (સીલ્વર પાર્ક),
ઈન્દ્રપ્રસ્થ કોમ્પલેક્ષની બાજુમાં, સર્વોદય નગર, જૈન મંદિર રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080
મો. : 098203 36767

**રમેશચંદ્ર હંસરાજ દેવજી ખોના**
(PS 5198) ગામ : મોટી ખાવડી
503, કૃષ્ણ એવેન્યુ, પાંચમે માળે, મહિલા કોલેજ પાસે,
આરામ હોટેલ પાછળ, ઈન્દ્રદીપ સોસાયટી, જામનગર GJ 361008
મો. : 099799 60340

**શ્રીમતી હંસા પુષ્પવદન લક્ષ્મીચંદ જૈન (લોડાયા)**
(PS 5989) ગામ : મંજલ
403, ચાલીસમે માળે, ઓમ શ્રી સાંઈધામ કો. હા.સો.
ચાફેકર બંધુ માર્ગ, મુલુંડ (ઈસ્ટ), મુંબઈ 400 081
મો. : 098431 39937

**શ્રીમતી મીનાબેન સૂર્યકાન્ત દામજી મૈશેરી**
(PS 5554) ગામ : સાંયરા
ફલેટ નં. 12, KDO રેસીડેન્સી એપાર્ટમેન્ટ કોમ્પલેક્ષ,
બીજે માળે, મનોજ પેરેડાઈઝ લે– આઉટ, ફેઝ – ૧, કેશવાપુર,
સંસ્કાર સ્કુલ પાસે, ઑફ કુસુગલ રોડ, હુબલી – (KR) 580 023
મો. : 098449 79997 સચીન / 098449 78882 બીંદી

**શ્રીમતી ભારતી સુરેશ દામજી મોમાયા**
(PS 5595) ગામ : વારાપધર
ફલેટ નં. 10, KDO રેસીડેન્સી એપાર્ટમેન્ટ કોમ્પલેક્ષ,
બીજે માળે, મનોજ પેરેડાઈઝ લે– આઉટ, ફેઝ – ૧, કેશવાપુર,
સંસ્કાર સ્કુલ પાસે, ઑફ કુસુગલ રોડ, હુબલી – (KR) 580 023
મો. : 97412 29107

**કલ્પેશ માણેકજી હિરજી છેડા**
(PS 6690) ગામ : જશાપૂર
B-201, પર્લ, શ્રી શ્રી લેક પ્રાઈડ, સીરસોલી રોડ,
જલગામ, (MH) 425 001
મો. : 098220 06678 / 093264 94264

**બીપીન ભવાનજી પદમશી મોમાયા (ભુલ સુધાર)**
(PS 5524) ગામ : સાંયરા
ફલેટ નં. 101, નાગાર્જુન એન્કલેવ, જૈન કોલોની, કુસુગુલ રોડ,
મનીસુવ્રત સ્વામી જૈન મંદિરની સામે, હુબલી – (KR) 580 023
મો. : 092416 85906

### સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે.

## જીવનચક્ર

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૧-૨૧ | મુલુંડ | ચિરાગ ભૂપેશ દામજી મોમાયા | વરાડીયા | |
| | ભાડુપ | શિવાની ભાવેશ વિજય નાગડા | જખૌ | |
| ૨૪-૦૧-૨૧ | ડોંબીવલી | અંકેશ ચેતન દેવજી ખોના | નલિયા | |
| | આકોટ | ભક્તિ વિરેન્દ્ર જીવન મૈશેરી | જખૌ | |
| ૦૭.૦૨.૨૦૨૧ | વડોદરા | કરન અનીલ શામજી ગાલા | તેરા | ૨૮ |
| | ઘાટકોપર | ફોરમ વીરચંદ કુંવરજી લાલકા | વારાપધર | ૨૯ |
| ૧૨.૦૨.૨૦૨૧ | મુલુંડ | વિશાલ શાંતિલાલ મનશી ડાઘા | દલતુંગી | ૩૪ |
| | હૈદરાબાદ | રાગિની હરીશ નવીનચંદ્ર લાપસિયા | દલતુંગી | ૩૩ |
| ૧૪.૦૨.૨૦૨૧ | હુબલી | અમર લહેરચંદ નરશી મોમાયા | સાંયરા | ૩૪ |
| | ડોંબીવલી | અક્ષિતા મહેન્દ્ર મનસી દંડ | સાંધવ | ૨૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૦૨.૨૦૨૧ | હાલોલ | પ્રીત દિપક શાંતિલાલ લોડાયા | સાંધવ | ૨૩ |
| | ડોંબીવલી | હેમાંગી મુલચંદ ચાંપશી મૈશેરી | મોટી સિંધોડી | ૨૧ |
| ૧૬.૦૨.૨૦૨૧ | ગોરેગાવ | ક્રિષ્ના શિરીષ જવેરચંદ કુરૂવા | ગોદરો | ૩૧ |
| | હૈદરાબાદ | રીતિકા લલીતકુમાર ટોકરશી લોડાયા | રાપર ગઢવારી | ૨૭ |
| ૧૬.૦૨.૨૦૨૧ | હૈદરાબાદ | સચિન ભરત પદમશી મોતા | કુઆપધર | ૩૪ |
| | હૈદરાબાદ | પ્રિયંકા શિવપ્રસાદ માણેકજી લોડાયા | વારાપધર | ૩૦ |
| ૧૬.૦૨.૨૦૨૧ | ચંદેરીયા | હર્ષદકુમાર સતીશ રામજી દંડ | ભરૂડિયા | ૨૭ |
| | ડોંબીવલી | માનસી અરવિંદ બાબુલાલ ધરમશી | ગોરખડી | ૨૩ |
| | | **આંતરજ્ઞાતિ સગપણ** | | |
| ૨૪-૦૧-૨૧ | વડાલા | રોમીલ પંકજ હંસરાજ લોડાયા | મોટી ખાવડી | |
| | કિંગ્સ સર્કલ | શેફાલી જયેશ ધીરજલાલ કોઠારી | રાજકોટ | |
| ૨૫-૦૧-૨૧ | ચેમ્બુર | વૈભવ કલ્યાણજી ધનજી વીરા | નવાવાસ દુર્ગાપૂર | |
| | કોઈમ્બતૂર | દર્શિતા સંજય હિરાચંદ ખોના | બારોઈ | |
| ૧૨.૦૨.૨૦૨૧ | ડોંબીવલી | દેવાંગ હરીશ લક્ષ્મીચંદ ધરમશી | મોટી ખાવડી | ૩૧ |
| | બેલાપુર | નમ્રતા દયાનંદ પ્રભાકર મેનડન | મેંગ્લોર | ૩૧ |
| ૧૩.૦૨.૨૦૨૧ | ડોંબીવલી | અભય જયંતીલાલ હેમરાજ લોડાયા | નાની ખાવડી | ૩૧ |
| | ડોંબીવલી | માયા મોતીલાલ હીરાલાલ રાજભાર | ચૌબેપુર | ૨૨ |
| ૧૪.૦૨.૨૦૨૧ | ભાંડુપ | દિવ્ય વિજય નાનજી ગોસર | વીડ | ૨૫ |
| | નાહુર | માનસી રાજેશ વિશનજી લાપસિયા | દલતુંગી | ૨૫ |
| ૧૬.૦૨.૨૦૨૧ | ઝાહીરાબાદ | અનુપકુમાર સતીષકુમાર બદ્રીપ્રસાદ પોલ્લોડ | નાગોર | ૨૯ |
| | નાંદેડ | પૂજા સુભાષચંદ્ર લીલાધર લાપસિયા | દલતુંગી | ૨૮ |
| ૧૬.૦૨.૨૦૨૧ | ડોંબીવલી | દિપક અજય હીરાચંદ શિયાલ | જખૌ | ૨૮ |
| | ડોંબીવલી | સ્વાથી નારાયણ કૃષ્ણમુર્થી | કુંબાકોનમ | ૨૭ |
| | | **આંતરજ્ઞાતિ સગપણ છુટા** | | |
| ૦૬.૦૨.૨૦૨૧ | બોરીવલી | દર્શન અરૂણકુમારજી શાંતિલાલજી વોહરા | આષ્ટા | ૨૯ |
| | મુલુંડ | નિકિતા અશોક નરશી લાપસિયા | દલતુંગી | ૨૯ |
| | | **જ્ઞાતિ લગ્ન** | | |
| ૦૫-૦૧-૨૧ | ડોંબીવલી | દિપ અતૂલ સોમચંદ લાલકા | વારાપધર | |
| | થાણા | ઊર્વી નીરેન મુલચંદ લોડાયા | વારાપધર | |
| ૦૯-૦૧-૨૧ | ડોંબીવલી | વિક્રમ મનોજ દેવશી ધ્રોળ | ગોધરા | |
| | ડોંબીવલી | નીકિતા નીતિન કેશવજી ધરમશી | સાંધાણ | |
| ૨૬-૦૧-૨૧ | સાંતાક્રુઝ | નયન દિનેશ કુંવરજી ધરમશી | રંગપૂર | |
| | ડોંબીવલી | તન્વી રસિકલાલ ધનજી લાપસિયા | દલતૂંગી | |
| ૩૦-૦૧-૨૧ | બુરહાનપૂર | પ્રતિક મધૂકાન્ત શીવજી લોડાયા | સુથરી | |
| | નાંદેડ | નિકીતા નીરેન હિરાચંદ નાગડા | તેરા | |
| ૦૪-૦૨-૨૧ | પડ | સાગર ભરત પદમશી મોમાયા | જખૌ | |
| | આદીપૂર | ભૂમી જયેશ કુલનકાન્ત લોડાયા | રવા | |
| | | **આંતર જ્ઞાતિ લગ્ન** | | |
| ૧૮-૧૨-૨૦ | દાવણગીરી | જીતેન્દ્ર વિરેન્દ્ર લાલકા | વારાપધર | ૩૩ |
| | દાવણગીરી | અનિતા રાજુ પૂજારી | કુંદાપૂર | ૩૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૧-૨૧ | ગુવાહાટી | દિનેશ બજરંગલાલ લિખમીચંદ અગ્રવાલ | સીકર - રાજસ્થાન | |
| | રાયપૂર | પ્રિયાલી વિપીન વીરચંદ વિકમશી | રાણપર | |
| ૨૯-૦૧-૨૧ | ભાંડૂપ | વિનીત નરેશ કેશવજી ફૂરીયા | બિદડા | |
| | ભાંડૂપ | આરજુ દિપ્તન પ્રેમચંદ લોડાયા | મોટી સિંધોડી | |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૧-૨૧ | ભાંડુપ | રાજેન્દ્ર શીવજી કુંવરજી મૈશેરી | નાની સિંધોડી | ૬૩ |
| ૨૭-૦૧-૨૧ | ઘાટકોપર | દિપક રમેશચંદ્ર ખોના | ગોરખડી | ૪૨ |
| ૦૧-૦૨-૨૧ | લાતુર | જવેરચંદ ગોવિંદજી વેલજી નાગડા | નલિયા | ૮૦ |
| ૦૪-૦૨-૨૧ | અંધેરી | કુસુમ પ્રાણનાથ જૈન (ખીમજી માણેકજી નાગડા - તેરાના સુપુત્રી) | દિલ્હી | ૭૫ |
| ૦૪-૦૨-૨૧ | અમદાવાદ | શાંતીલાલ ખીંયશી મુલજી છેડા | જશાપૂર | ૭૮ |
| ૦૫-૦૨-૨૧ | આદિપૂર | ખુશાલ ખીમજી ચત્રભુજ ખોના | કોઠારા | ૭૩ |
| ૦૮-૦૨-૨૧ | વડોદરા | પરેશ લખમશી પદમશી ખોના | તેરા | ૬૩ |
| ૦૯-૦૨-૨૧ | ભાંડુપ | ઝવેરબાઈ પદમશી કલ્યાણજી ખોના | સાંધવ | ૯૧ |
| ૧૦-૦૨-૨૧ | ડોંબીવલી | પ્રતાપ દામજી મુલજી લોડાયા | તેરા | ૬૧ |
| ૧૨-૦૨-૨૧ | ડોંબીવલી | લીલાવંતી (મીઠીબાઈ) દામજી જેઠાભાઈ દંડ | વરાડીયા | ૮૭ |
| ૧૩-૦૨-૨૧ | ઘાટકોપર | હિરાચંદ લખમશી દેવજી લોડાયા | દલતુંગી | ૭૮ |
| ૧૩-૦૨-૨૧ | દાવણગીરી | રાજેન્દ્ર રાયચંદ હંસરાજ લાલકા | વારાપધર | ૫૯ |
| ૧૪-૦૨-૨૧ | ઐરોલી | જશવંતીબેન લાલજી લખમશી દંડ | પરજાઉ | ૮૩ |
| ૧૪-૦૨-૨૧ | અમેરિકા | ફતેચંદ ટોકરશી નરશી નાગડા | લાલા | ૭૨ |
| ૧૫-૦૨-૨૧ | મુલુંડ | લતાબેન ભરત શીવજી પોલડીયા | ડૂમરા | ૫૬ |

## હાલાર તીર્થ દર્શન - મોડપર

જામનગરથી રોડમાર્ગે ૨૫ કિલોમીટરના અંતરે સૌથી પ્રાચીન મોડપર તીર્થ આવેલ છે ત્યાં શ્વેતવર્ણની પદ્માસન યુક્ત શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની દિવ્ય પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે.

**નિર્માણ :** આજથી લગભગ ૪૨૫ વર્ષ પૂર્વે વિ.સં.૧૬૫૦ માં પરમ પૂજ્ય દાદા ગુરુદેવ અચલગચ્છાધિરાજ પ. પૂ. આચાર્ય ભગવંત કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણા તેમજ નિશ્રામાં જામનગરના તીર્થરૂપ શ્રી શાંતિનાથ ભગવાનના બાવન જિનાલયના નિર્માતા લાલન ગોત્રીય શેઠશ્રી વર્ધમાન પદમશી શાહ દ્વારા છ'રીપાલિત સંઘના પડાવ નિમિત્તે મોડપરમાં શ્રી સુપાર્શ્વનાથ શિખરબધ્ધ જિનાલયનું નિર્માણ થયેલ.

ઈતિહાસ કહે છે કે શેઠ વર્ધમાન પદમશી શાહે કચ્છથી જામનગર થઇ શત્રુંજયનો સંઘ કાઢેલ, જેમાં ૨૦૦ સાધુ, ૩૦૦ સાધ્વીજીઓ, ૧૫ હજાર યાત્રિકો, રૂપાનો રથ, સોનાનું સિંહાસન, ૫૦૦ રથ, ૭૦૦ ઘોડા, ૫૦૦ ઊંટ હતા. અને તે છ'રીપાલિત સંઘના પ્રેરકમૂર્તિ નિર્માણદાતા હતા.

ધારણા મુજબ છે કે તે કાળમાં ક.દ.ઓ. અને ક.વિ.ઓ જ્ઞાતિના ૪૫૦થી વધુ ઘરો મોડપર ગામમાં હતા.

પ્રથમ જીર્ણોદ્ધાર વિ. સં.૧૯૯૧માં કચ્છ હાલાર દેશોદ્ધારક અચલગચ્છાધિપતિ ક્રિયોદ્ધારક અજોડ ત્યાગી પ.પૂ.દાદા ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી ગૌતમસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રબળ પ્રેરણાથી શ્રી મોડપર તીર્થનો જીર્ણોદ્ધાર થયેલ તથા ઉપાશ્રય, ધર્મશાળાનું પણ નિર્માણ થયેલ. તેમણે હાલારમાં ઘણાં ચોમાસા કરી હાલારને ધર્મમય બનાવ્યું હતું. પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં જેઠ સુદ ૮ સવંત ૨૦૭૦માં અંજનશલાકા પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો.

દેરાસરના પરિસરમાંજ બીજા શિખરબદ્ધ જીનાલયમાં શ્યામવર્ણની ૯૯ ઇંચની પ્રભુ આદિનાથની અદભુત પ્રતિમા બિરાજમાન છે. દેરાસરની પાછળ બાજુએ ઉપાશ્રય તેમજ રહેવા તથા જમવાની સુંદર સગવડ ઉપલબ્ધ છે. જીવનમાં અવશ્ય આ પ્રાચીન તીર્થના દર્શન કરવા યોગ્ય છે.

સરનામું : શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય
મુ.પો.મોડપર, તાલુકા-લાલપુર, જીલ્લો-જામનગર,
ગુજરાત-૩૬૧૨૮૦
સંપર્ક : વિનોદભાઇ-૯૯૩૦૮૩૭૫૦૯

સંકલન : ચેતન એલ. નાગડા, ભૂપેન્દ્ર એલ. ડાઘા,
વિશ્વજીત કે. લોડાયા

# THE DEPRESSED YOUTHS

Every day, every hour, every minute, one hears that someone is suffering from DEPRESSION. But what exactly does the term depression states??? In lay men's language, depression is defined to be a disorder of mind due to one's mood swing. HAHAHA!! Sounds simple but vast complicated.

**“Depression is a prison,**
**Where you are both;**
**The suffering prisoner, &**
**The cruel jailer.**

There are many different age groups that suffers depression. Mainly not the young age group as they sort out amongst themselves in the “katti-batti” zone. Depression starts when one starts recognizing the REAL CRUEL WORLD. In initial teenage stage (15-19) one may start suffering from depression. In the old age life, family issues, health instability, monetary problems are some of the reasons of depression. In the parenting zone, the upbringing of the child, family & monetary problems can be reasons of depression.

But what about “US”, we the youth generation, so called as “the future of the world”. The only generation where there are infinite expectations & very limited acceptances. Yes, you expect that the society must recognize us, we must create good name & fame in the society, we must earn big amount of money & get our life set; then why don't you allow us to do big things? Why are restrictions always put forth? Why are we always ask to follow and respect the opinion of the society? AND at the top of all of these, why are heart break always pointed out to be a reason for depression?? Oh common, we have 99 more reasons too for being depressed!!

There can hardly be any youth without suffering from depression. We go through infinite things on daily basis. Conflicts among friends, differences of opinion with family, good looks, impressive personality, peer pressure, high academic expectations, best job, high amount of salary, snob appeal, emotional changes, etc. are certain reasons for depression in youths. But the major cause I feel for depression is 1. The overthinking process & 2. The opinion of society.

& it ends in resulting to make the person get addicted to all wrong habits, or in need to consult a psychiatrist or mind disorders or mental functioning of brain.

Now the question arises is can we control or put a stop on depression??

Practically, the answer stands a big NOOOO!! Depression can't be completely eradicated but yes one can take certain measure to control it.

The best tip is once you stop caring about what does the society thinks or feels on actions taken by you, you are surely 50% free from depression and other is when you stop overthinking about the incidents happened with you in your past that resulted wrong and start finding great solutions for your mistakes, you are then completely depressed free.

Start living a healthy life, surround yourself by people that makes you happy and supply positive vibes. Your academic performance is really least important but yes you have to be very passionate about your dreams and goals and give your 100%. Follow your dreams, love yourself, Pray and be satisfied for whatever you are blessed with & start living a life of your own will!!

**Less expectations, low worry;**
**Best tip for being depressed free!**



**Vrushti Manish Lodaya**
**Mulund - Naliya**

# Jin Puja – The Pathway To Purification



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

**"My soul, an urn made of knowledge,**
**I fill with the water of equanimity.**
**And as I bathe the Arihanta,**
**My karmas are washed away with certainty."**

What a divine thought to worship Lord Jineshwar with! A puja has a dual purpose. Devotees worship Jinendra

to venerate the Thirthankars who have not only attained liberation but also showered grace upon the entire humanity by elucidating the path of liberation and to seek inspiration to become like them.

In order to reduce worldly attachment and to keep oneself progressing on the spiritual path, a devotee should conduct Jin Puja daily with understanding and faith.

A beginner needs the aid of an image or idol to get intensely involved and immerse himself in puja till he reaches the 7th Gunasthan (the seventh level in spiritual evolution). This worship of a form is known as Sagun puja. Worship which consists purely of devotion and meditation of the formless one is called Nirguna puja. Only advanced seekers perform this kind of puja at a level beyond 8th Gunasthan.

On the basis of the material and method used; Sagun puja can be further subdivided into Dravya and Bhav puja. The principle types of Dravya Puja are (i) Ashthaprakäri or Eight-fold Jin Puja, (ii) Adhar/ Eighteen Abhishek Puja, (iii) Panch Parmeshti Puja (iv) Snatra Puja.

Following are the eight aspects of Ashtaprakari Pooja:

1. Jal Puja **: (Water)**

The urn represents the soul -the container of Right Knowledge, while water symbolises equanimity. Bathing the idol of Arihant with water from the urn means that one desires to bathe the 'God' within, with equanimity so that his karmas are destroyed.

2. Chandan Puja: (Sandal wood)

A Seeker offers sandalwood to the Lord as he prays:

**"He whose face is a picture of peace,**
**The one whose very nature is tranquil,**
**I worship and pray that Arihanta to release -**
**my soul, to make it cool, calm and still."**

**3. Pushpa Puja** : By performing the flower-puja a devotee requests God to grant him supreme gentleness and straightforwardness.

**4. Dhup Puja** : By placing the incense near the idol, a devotee initiates the upward meditation to destroy his wrong beliefs and thus purify his soul.

**5. Deepak Puja** : This puja is a devotee's prayer for realising his pure inner self since the flame of a lamp represents a pure consciousness - free of all karmas.

**6. Akshat Puja** : Rice is also known as Akshat. In Akshat puja, the swastik drawn with rice grains indicates a seeker's desire to break free from the maze of life and death in four worldly states on the basis of Triratnas (the three dots above the swastik) and to finally reach the summit of Siddhshila which is represented by a crescent topped by a dot.

**7. Naivedya Puja** : By offering Naivedya (sweets) on the siddhashila of the Akshat Puja, one strives to overcome his ageless, insatiable worldly hunger and greed.

**8. Phal Puja** By placing a fruit on the swastik symbol made during the Akshat puja, a devotee expresses his wish to attain moksha the ultimate fruit of all his sacred endeavour.

The Ashtaprakari puja is totally devoid of a material desire and is aimed exclusively at one's final liberation. Performing Ashthaprakari Jin puja on a daily basis with a pure intention removes eight types of karma as follows: Jala-puja diminishes knowledge-obscuring karma, Chandan-puja dilutes perception / awareness obscuring karma, Pushp-puja weakens belief and conduct diluting karma, Dhoop-puja washes away energy obscuring karma, Deepak-puja cuts down life-span determining karma, Akshat-puja body-determining karma, Naivedya-puja blasts status determining karma, and Phal-puja erodes pain-pleasure producing karma. Thus, sincere seekers can liberate themselves from the bondage of karma forever by performing the Ashtaprakari Puja.

Over View

# WHO WILL BELL THE CAT ?

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



Few decades back there was a Sammelan ( Big Assembly) of mice residing in one mega city. It was unanimously agreed upon that the biggest challenge which was faced by all of them was from the cats, who were killing them. What could be the solution.

At last one mouse gave a suggestion that we should tie a bell on the neck of a CAT so that when it comes to catch us, we will hear the sound of the bell and we can run away and save our lives. A round of claps was given to it while accepting this suggestion.

Thereafter, a high powered committee was constituted to prepare a blue print for implementing the suggestion. However, no mouse came forward inspite of attractive incentives.

Decades passed but the mice were yet to locate a mouse which was ready to bell a cat. Now this story is developed further in tune with times.

In all sammelans, held every decade, this issue came up. However, the discussion will stop when the question came up as to who will bell the cat?

With the spread of education generations of young mice were participating in the Sammelans. But seniors will prevail over them stating that our forefathers have passed a written resolution and they were wise people and we have to follow it. All arguments of youngsters were brushed aside.

At that time, as planned, few young mice entered the Sammelan hall along with a cat in whose neck a bell was tied and its sound was audible from anout 50 feet. The elder mice were dumb struck. All their shastras and resolutions proved wrong before this live demonstration. Still they asked how can you do this act. They told that, "We live near a pharmacy where sleeping pills are sold. We took few of them and mixed with the milk and kept at the places frequented by cats. They drank the milk and fell unconscious. At that time we tied the bell in their neck. So please remove from your conditioned brain the myth that past is always right and nothing new is possible."

At that time a gang of 2 dozen mice came with a dozen cats, all having a bell on their necks. How come???

The youngest mouse, who led the team, spoke that "we had few brain storming sessions within our team. We zeroed on the fact that the common enemy of both mice and cats is dog. Enemy's enemy is a friend. So we used our back door diplomatic channels and held meetings. Solution found was that each cat should wear a bell on its neck as the mice do not have a neck and bell can not be tied. So when a cat runs seeing a dog, the bell will make sound and with that signal other cats and mice/rats will run and hide and save themselves. Our diplomatic efforts paid dividends and here are a dozen cats who are ready to protect themselves as well as us."

The whole house gave a standing ovation and breathed a sigh of relief for solving the centuries old problem.

When this was going on about 500 young mice came with 1000 cats, all happily wearing different types of bells. Everybody exclaimed unbelievable! Incredible! Impossible!

All the cats came one after another on the ramp and had a catwalk exhibiting their bells and sounds.

When asked a female mouse studying in high school came to the stage and gave a power point presentation. She explained that, "We engaged a marketing company. They prepared few jingles and engaged a cat from catywood as a celebrity icon. As these are the days of social media, they did carpet bombing of these messages in all abodes of cats in the city. Its imaginery benefits on the bodies of cats were highlighted. We have taken the sole selling agency of selling these bells not only for this city but for the whole country."

"When our show room was opened for the first day of sales, like sale of Apple phones, thousands of cats queued up since early morning. Our entire stock was sold on the first day itself with a profit margin of 200%. We are waiting for our fresh consignment. We helped the cats to tie bells on their necks and took selfies. With this success we will be creating a niche market for bells for cats all over the country. All our unemployed mice will be employed and the starvation due to Kovid-19 will be a thing of the past. We, hereafter, should not bother about belling the cats. They themselves will wear the bells happily and make a fashion statement.

All the mice ran to hug them with wonder and admiration, including the young female mouse Siv Jo.

The myth or delusion with which we Indians live is the deep belief that the best social times or golden ages were over in the past centuries. अच्छे दिन अभी सदीयों तक नहीं आयेंगे। Contrary to this is the thinking of young western nations. They strongly believe that the best is yet to come and they dream and work for it.

As a result, we have become so weak and fearful that we clutch to whatever that is there to ensure that this, atleast, is not lost. Never try to do new or innovative things. जैसे हैं वैसे रहो। So we live life without life in it.

The young mice demonstrated that new thinking, approach and dynamism is needed to add life to our life. Never think that there is no space or need for new and that old is Gold. The young mice signify this approach and attitude to life.

जागृत रहो, जीते रहो, जोशमें रहो क्योंकि,
सुवर्ण युग एक यात्रा है, मंजिल नहीं।

---

**: કચ્છી કસબ ૧૫૧ના જવાબો :**

**આડી ચાવીઓ :** (૧) મોળો મોળો (૪) લગોલગ (૭) સોજાર (૯) કેદુણો (૧૦) માર (૧૧) કોતો (૧૨) સેરયો (૧૩) કોછ (૧૪) ધમ (૧૫) બોરા (૧૭) રાતો (૧૯) રાવ (૨૧) છડીયા (૨૨) ગોગો (૨૩) બોળો (૨૪) ભોછડો (૨૭) ધવા (૨૮) માતર (૨૯) ડો (૩૦) રજ (૩૨) અપાપ (૩૩) ઈનાં (૩૫) અના (૩૬) વેરાય. **ઉભી ચાવીઓ :** (૧) મોસાય (૨) મોરકેતો (૩) સોંજા (૫) ગોલું (૬) ગડર (૭) સોણો (૮) રજી રયો (૧૦) મોછ (૧૧) કોમરા (૧૨) સેરાય (૧૩) કોન્જીવ (૧૬) ગડોળો (૧૮) તોછડો (૧૯) રાગો (૨૦) ભોભો (૨૩) બોવાર (૨૪) છણપાય (૨૬) કરઈ (૩૧) જતાય (૩૪) નાંય.

# SHREE KDO STUDENTS ASSOCIATION
## From the team of Shree Kdo Students Association

Raj:- Hi what are you doing these days I am completely exhausted because of online study and assignments.

Priya:- Hey ,I know my friend that all study and no play makes us dull and so recently i went for a super refreshing camp.

Raj:- Ohh! Which camp tell me about its please!

Priya:- So there is this proactive Association named Sheee KDO Students Association run by youth of KDO samaj and they recently organised a winter camp packed with adventures and learnings.

Raj:- Ohh! That sounds super cool and amazing! So what was it all about? What did you do ? Where was it tell me each and every detail!

Priya:- So basically it was a winter camp organised on 6th and 7th of February . Adventure 1 Zone was the campsite located at Vangani,Thane We were 93 students in all who went for the camp.

Raj:- Good! 93 people! Howdid they managed, safety accommodation , was everything smooth ? did you faced any obstacles?

Priya:- The Committee managed it extremely well.There were no complains. Disclaimers were given and parents had signed it so safety was taken care of. We travelled through private bus and for accommodation we were given clean and well spaced cottages. So no obstacles and the camp went really very smooth.

Raj:- It seems as if i missed on all the fun! It must have been truly funfilled , adventurous and exciting at the same time!

Priya:- 100%, No doubt, We did a lot of activities like Rappelling, Zorbing, Rock Climbing, High and Low rope courses , a lot of team games etc.

Raj:- My God! I am now jealous! What was it you did with water I saw it on your social media?

Priya:-Oh that! It was one of the most amazing task we actually learnt to build a raft and did rafting on the same, it was a super learning experience and it was actually one in lifetime opportunity.

Raj:- Wow! Wow! Wow! This is something everyone should learn and experience . Actually the Association made sure that you all learn things with fun and also proved that learning can be done also while enjoying!

Priya:- That's absolutely true we also had bonfire in evening where we were motivated to perform and showcase our talents which also boosted our self-confidence. We danced played garba and had lots of fun!

Raj:-Enough dear I am going to definitely watch their page for next events and definitely will block my seat in one go.

Priya:-For sure, also please do follow their Instagram handle shreekdovs and Facebook page Shree KDO Students Association, and yes need not forget that after every event they also post amazing pictures on the page and also publish them in our own Gnatis magazine Prakash Samiksha.

Raj:-Definitely, it was nice talking to you meet you soon in one of the next upcoming event of the Association.

"All work and no play makes jack a dull boy" this is a very famous proverb which is very apt and justified. Children need adventures and sports to refresh their mind and also it gives them a different perspective altogether . Association with the same mindset and also to encourage kids organised this winter camp on 6th and 7th of February at adventure 1 zone at Vangani, Thane.

Event was sponsored by Shree KDO Students Association and Co- sponsored by HD fire protect Private ltd and Ek Sadgrast.

The complete camp under the leadership of President Urmin Jayesh Lodaya ,Vice President Ekta Udayan Lodaya, Secretary Meet Sanjay Meisheri and Treasurer Prince Vinit Dharamshi along with committee members Labdhi Lodaya ,Chirag Lodaya Dharmil Nagda, Ashwin Lodaya Ujwal Lodaya amd Kajal Dhrol was a huge success

To grace the camp with their presence and also to motivate us and the kids are our Co-op member Chandni paresh lalka and her husband Paresh Lalka, Our nominee member Anuj Lodaya and our all time well wishers Dhawal and Riddhi lodaya also came for sometime.

Event ended with smiling faces and lots of beautiful memories.



**Yash Hiren Lodaya**
**dombivali - Naliya**

# દ્વિતિય પુણ્યતિથિ



જન્મ
તા. ૧૦-૧૧-૧૯૫૭

અરિહંત શરણ
તા. ૧૦-૦૨-૨૦૧૯

## સ્વ. જ્યોતિબેન ચીમનલાલ હીરજી ખોના

(ઉ.વ.૬૨)

ગામ : નલિયા • હાલ : માટુંગા

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી?
વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી,
દિવસ રાત વિતતા જશે પણ યાદ તમારી આવતી રહેશે,
કલ્પના બહારની તમારી વિદાય અમારુ કાળજું કંપાવી ગયું,
તમારી યાદ હંમેશાં અમારી સાથે રહેશે.

-: જીવનસફરના સાથી :-

ચીમનલાલ હીરજી ખોના

-: જીવનસફરના પુષ્પો :-

હેતલ નયન ખોના • સ્વ. બિનીતા અને અ.સૌ. રાધિકા પરાગ મહેતા

-: જીવનસફરની વેલી : -

કેયા • ભવ્ય

-: જીવનસફરના વટવૃક્ષો :-

માતુશ્રી લક્ષ્મીબેન હિરજી કલ્યાણજી ખોના પરિવાર
માતુશ્રી પ્રેમિલાબેન રાયચંદ ભવાનજી લોડાયા પરિવાર

—: શોકાતુર :—

નલિયા એકતા પરિવાર મુંબઈ

શ્રી ક.દ.ઓ. જૈન નલિયાવાસી ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈ



# મળવા જેવા માણસ...

## શ્રી હિરાચંદ આણંદજી ધારશી વિકમશી (વરાડીયા-નાગપુર)

હું ખૂબ જ ભાગ્યશાળી છું કે મને જાણીતા શિલ્પકાર શ્રી હિરાચંદ આણંદજી વિકમશીના પરિચયમાં આવવાનો મોકો મળ્યો. હું પ્રકાશ સમીક્ષામાં તેમનો ઈન્ટરવ્યુ પ્રકાશિત કરવા તેમનો સંપર્ક સાધવાનો પ્રયાસ કરી રહ્યો હતો પણ સંપર્ક નહોતો થઈ શક્યો. છેલ્લે સી. એ. નીતા પદમશી ધરમશી (સુથરી - મુલુંડ) દ્વારા તેમનો સંપર્ક સાધી શકાયો. હિરાચંદભાઈ સાથે સંગીત, ચિત્રકલા અને શિલ્પકલા વિશે ખૂબ જ રસપ્રદ વાતો થઈ. આપણી ક. દ. ઓ. જ્ઞાતિમાં ખૂબ ઓછી વ્યક્તિઓ કલાક્ષેત્રે પ્રવૃત્ત છે કે જેમના માટે આપણે ગર્વ લઈ શકીએ. શ્રી હિરાચંદભાઈ એમાંના એક છે.

વિશ્વ વિખ્યાત શિલ્પકાર **શ્રી હિરાચંદ આણંદજી ધારશી વિકમશી** (વરાડીયા-નાગપુર) નો જન્મ ૧૩ સપ્ટેમ્બર ૧૯૪૪ ના મહારાષ્ટ્રના એલીચપુર ખાતે થયો. ત્યારપછી તેમના પરિવારે ખામગાંવ સ્થળાંતર કર્યું. જયાં તેમણે તિલક રાષ્ટ્રીય વિદ્યાલય ખાતે કલાચાર્ય શ્રી પાંધે ગુરૂજી પાસેથી કલાનું પ્રશિક્ષણ મેળવ્યું. આ ઉપરાંત તેમણે શિલ્પ અને મુર્તિ કલાનું વિશારદનું શિક્ષણ તિલક મહારાષ્ટ્ર વિદ્યાલય -પુના અને જે. જે. સ્કુલ ઓફ આર્ટ - મુંબઈમાંથી પણ મેળવ્યું. તિલક રાષ્ટ્રીય વિદ્યાલય શ્રી મહાત્મા ગાંધીના આદર્શોને સમર્પિત ઉપર સંસ્થા છે. એ જાણવું ખુબ જ રસપ્રદ છે. જે. જે. સ્કુલ ઑફ આર્ટમાં શિક્ષણ લેતા હતા ત્યારે તેઓશ્રી વિરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહમાં રહ્યા હતા. ઈ. સ. ૧૯૭૦ માં તેઓએ તેમની કર્મભૂમિ નાગપુર ખાતે સ્થળાંતર કર્યું.

તેમણે સંગીત સાથે સંકળાયેલા અનેક શિલ્પોનું સર્જન કર્યું છે. તેમના સંગીતની વિવિધ ભાવમુદ્રાઓવાળા સ્ત્રી શિલ્પો જોઈને કોઈપણ વ્યક્તિ સંગીતના રંગમાં રંગાઈ જાય છે. તેઓ કહે છે, **मेरा सोचने का तरीका अलग है ।** હિરાચંદભાઈનું સર્જન તેમના રોજબરોજના જીવનના અનુભવોને તાદશ કરે છે તથા સામાન્ય માનવીના જીવનને દર્શાવે છે. તેમણે અનેક મહાપુરૂષોના શિલ્પો કંડાર્યા છે જેમને આપણે ઈતિહાસના પુસ્તકોમાં જ મળ્યા હશું. તેમનું સર્જન ખૂબ જ વાસ્તવિક અને પ્રભાવક છે. તેમણે ધાતુ, કાચ, ફાઈબર અને સીરામિકના શિલ્પોનું સર્જન કર્યું છે.

તેમના બન્ને પુત્રો તનુલ અને લલીત પણ આજ કલા વ્યવસાયમાં છે. લલીતભાઈના પત્ની શ્રીમતી મીલી ચિત્રકલામાં પ્રવૃત્ત છે. તનુલભાઈ, લલીતભાઈ, મીલીબેન અને હિરાચંદભાઈના ધર્મપત્ની સરલાબેન પણ શિલ્પકલા તથા ચિત્રકલાનું પ્રશિક્ષણ આપે છે. શ્રી હિરાચંદભાઈને અનેક એવોર્ડસ મળ્યા છે. તથા તેમની સર્જનકલાના અનેક શહેરોમાં ભવ્ય પ્રદર્શનો પણ યોજાયા છે. તેમની સર્જનકલાને સમજવા માટે તમારે નેટ ઉપર તેમના શિલ્પો જોવા જોઈએ અથવા જયારે નાગપુર જાઓ ત્યારે તેમની Alag Angle કોમ્યુનીટી આર્ટ સેન્ટરની મુલાકાત લેવી જોઈએ.




તેમના ધર્મપત્ની સરલાબેને કહ્યું કે તેઓ હંમેશા પડકારજનક કાર્ય હાથ ધરે છે અને તે ખૂબ જ સફળતાપૂર્વક પરિપુર્ણ કરે છે.

પ્ર. સ. : આપણી જ્ઞાતિ વેપારી કોમ ગણાય છે અને તમે પણ વેપારી પરિવારના સંતાન છો, તેમ છતાં કલાક્ષેત્રે કઈ રીતે પદાર્પણ કર્યું ?

હીરાચંદભાઈ : હા, હું પણ વેપારી પરિવારમાંથી જ છું પણ જયારે હું ખામગાંવમાં તિલક રાષ્ટ્રીય વિદ્યાલય કે જે ગુરૂકુલ કે શાંતિ નિકેતન જેવું છે, ત્યાં ભણતો હતો ત્યારે કલા સર્જનમાં મને રસ પડ્યો.

પ્ર. સ. : શાળામાં કઈ કલામાં તમને રસ હતો અને શિલ્પકલા તરફ કઈ રીતે ધ્યાન કેન્દ્રિત કર્યું ?

હીરાચંદભાઈ : મેં સંગીત , ચિત્રકલા અને શિલ્પકલાનું શિક્ષણ મેળવ્યું અને શિલ્પકલા ઉપર વધુ એકાગ્ર બન્યો. મેં મારા ચિત્રકલાના જ્ઞાનનો શિલ્પ બનાવવા ઉપયોગ કર્યો અને સંગીત અને સંગીતના વાદ્યો ઉપર શિલ્પો કંડાર્યા. હું ભાગ્યશાળી છું કે મને પાંધે ગુરૂજી જેવા શિક્ષકો મળ્યા જેમણે પોતાના જ્ઞાનથી મને અભિષિત કર્યો અને મારા જીવન અને કર્મને પ્રભાવિત કર્યું જેથી હું શિલ્પકલા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકયો.

પ્ર. સ. : તમોએ ખામગાંવથી નાગપુર કેમ સ્થળાંતર કર્યુ ?

હીરાચંદભાઈ : મને નાગપુરના પાટીદાર સમાજ દ્વારા સરદાર

વલ્લભભાઈ પટેલનું ૯ ફુટનું શિલ્પ બનાવવાનું કામ મળ્યું. મારું કામ લોકોને ખૂબ જ ગમ્યું. પછી મને મહારાજા અગ્રસેનના શિલ્પનું કામ મળ્યું એટલે મેં નાગપુરમાં સ્થાઈ થવાનું નક્કી કર્યુ.



પ્ર.સ. : આ વ્યવસાય માટે કદાચ આપણી જ્ઞાતિમાંથી પ્રોત્સાહક ટેકો ન મળ્યો હોય તેથી તમારા માટે બે છેડા ભેગા કરવા મુશ્કેલીભર્યુ બન્યું હશે ?

હીરાચંદભાઈ : મને ધનની બહુ અપેક્ષા નથી અને મારા પત્ની સરલા ઓછી આવકમાં પણ ઘર ચલાવી લેતી, સમયાંતરે મને વધુ કામ મળ્યું. પ્રસિદ્ધિ મળી અને સાથે પૈસા પણ આવ્યા.

પ્ર. સ. : તમે તમારા કાર્યમાં ઓતપ્રોત કઈ રીતે થાઓ છો ? જે વ્યક્તિઓને તમે કદી પણ મળ્યા જ નથી તેમના પૂતળાં કઈ રીતે બનાવી શકો છો ?

હીરાચંદભાઈ : હું આ વિષયમાં ખૂબ જ ઉંડાણમાં ઉતર્યો છું જે તે વ્યક્તિ વિશે ઘણું બધું વાંચીને તેની પ્રતિમા મનમાં કંડારું છું. મારો સંપૂર્ણ પરિવાર મને સતત મારા કામમાં ટેકો આપે છે. જયારે મેં ૩૦ ફુટ ઉંચી શ્રી જ્ઞાનેશ્વર મહારાજની પ્રતિમાનું સર્જન કર્યું ત્યારે મારા સંપૂર્ણ પરિવારે ૧૮ મહિના સુધી એવું જ વાતાવરણ ઉભું કરી મારા મનમાં તેમની પ્રતિમા ઉભારવા ખૂબ જ મદદરૂપ બન્યા હતા.

પ્ર. સ. : આટલી લાંબી મજલ કાપ્યા પછી તમને કેવું લાગે છે ?

હીરાચંદભાઈ : હું આજે પણ મારા કાર્યનો આનંદ પ્રારંભિક સમય જેટલો જ લઈ રહ્યો છું.

પ્ર. સ. : આપને અનેક એવોર્ડ પ્રાપ્ત થયા છે પણ એમાંથી સર્વશ્રેષ્ઠ એવોર્ડ કયો ગણો છો ?

હીરાચંદભાઈ : તિલક રાષ્ટ્રીય વિદ્યાલય ખામગાંવ દ્વારા મને શ્રી વલ્લભભાઈ પટેલની ૮૦ કાંસ્યની પ્રતિમાઓ બનાવવાને હું શ્રેષ્ઠ એવોર્ડ માનું છું. મેં અને મારા મિત્ર સુધાકરે ૮૦ પ્રતિમાઓ નિર્માણ કરી હતી જેના વેચાણની રકમમાંથી અમારી શાળાએ ખાદી ગ્રામની લોન ચુકવી હતી. અમારી શાળા એકમાત્ર શાળા છે કે જેણે ખાદી ગ્રામની લોન પરત ચુકવી છે.

આ ઉપરાંત ભારતના રાષ્ટ્રપતિના હસ્તે રિઝર્વ બેન્ક ઑફ ઈન્ડિયા-મુંબઈ ખાતે ૩૦X૧૦ ફુટના સીરેમીક મુરલના સર્જન માટે મળેલ એવોર્ડને શ્રેષ્ઠ ગણું છું.

પ્ર. સ. : આપ વિદ્યાર્થીઓને શિલ્પકલા શીખવો છો ? યુવાનેને પ્રશિક્ષિત કરો છો ?

હીરાચંદભાઈ : હું વર્ષમાં બે વાર તિલક રાષ્ટ્રીય વિદ્યાલયની મુલાકાત લઉં છું અને ત્યાંના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપું છું કોઈ મોટો પ્રકલ્પ હોય તો તે માટે હું છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને મારી સાથે જોડું છું. જેની તેમને કાર્યાનુભવથી તથા પ્રશિક્ષણ પણ મળી રહે. હું ખૂબ જ ગર્વથી કહી શકું છું કે શ્રી રવિ ચૌધરી અને શ્રી અતુલ મહાજનને મેં તાલીમ આપી છે.

પ્ર. સ. : આપણી જ્ઞાતિ માટે કોઈ સંદેશ આપશો ?

હીરાચંદભાઈ : આજના કોમ્પ્યુટર યુગમાં ઘણી વસ્તુઓ બદલાઈ ગઈ છે અને જીંદગી ઝડપી બની ગઈ છે કલાના કોઈપણ માધ્યમમાં આગળ વધવા થોડીક ઘેલછા અનેં ધીરજની જરૂર પડે છે તથા તમારે વધુ ને વધુ સખત મહેનત કરવી પડે છે તો જ સફળતા પ્રાપ્ત થઈ શકે.

પ્ર. સ. : હિરાચંદભાઈ, આપે આપેલા સમય તથા માહિતી બદલ ખૂબ ખૂબ આભાર.

ડૉ. હિરાચંદ દંડ









## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ

૦૭ ફેબ્રુઆરી ૨૦૨૧ના મુલુંડ વેસ્ટ, મુંબઈ ખાતે પ્રમુખશ્રી મયુર મણીકાંત ધુલ્લાના અધ્યક્ષસ્થાને જયાં વર્લ્ડ અલ્ટ્રા સાયકલિંગ એસોસિએશન દ્વારા આયોજિત "G2G" (INDIA Gate, Delhi to Gateway of India, Mumbai) સુધી ૧૪૬૦ કિ.મી.ની સફર પુરી કરનાર જ્ઞાતિના બે યુવા પ્રતિભા શ્રી મેહુલ સુર્યકાન્ત લોડાયા (ગામ : રવા – કચ્છ) અને શ્રી યશ રમેશ છેડા (ગામ : સુથરી – કચ્છ)ને બિરદાવવા માં આવેલ.

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA

| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>A/704, Remi Bizcourt, Shah Indl. Estate,<br>Off Veera Desai Road,<br>Andheri (W), Mumbai - 400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**